## અમૃત મહોત્સવ પર
## યુવા સંકલ્પ
## “શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ”

# પંચપ્રકલ્પ

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત


ડૉ. કિશોરસિંહ ચાવડા, મા.કુલપતિશ્રી, વી.ન.દ.ગુ.યુનિ,સુરત

ડૉ. રમેશદાન ગઢવી, કુલસચિવશ્રી, વી.ન.દ.ગુ.યુનિ,સુરત

શ્રી પ્રકાશચંદ્ર, નોડલ ઓફિસર, પંચપ્રકલ્પ, વી.ન.દ.ગુ.યુનિ,સુરત

**આમુખ :-**

આપણા રાષ્ટ્રને સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ૭૫ વર્ષ થઇ રહ્યા છે ત્યારે સમગ્ર દેશ **"આઝાદી કા અમૃત મહોત્સવ"** કાર્યક્રમ વિવિધ સ્વરૂપે માનવી રહેલ છે. રાજ્યની તમામ યુનિવર્સીટી, સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર કોલેજો તથા ટેકનીકલ શિક્ષણ સાથે સંકળાયેલી તમ્મામ સંસ્થાઓમાં અભ્યાસ કરતા યુવાન વિદ્યાર્થીઓમાં દેશભક્તિ અને રાષ્ટ્ર નિર્માણની ભાવના પ્રજ્જવલિત થાય તે માટે પસંદ કરેલ ક્ષેત્રોમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમગ્ર સમાજ તેમજ રાજ્યના નાગરિકો માટે ઉપકારક અને કલ્યાણકારી બની રહે તેવી પ્રવૃત્તિઓમાં પોતાની રૂચિ અનુસાર સ્વેચ્છાએ જોડાઈ સ્પષ્ટ સંદેશ તેમજ શીખ રજૂ કરી શકે તે હેતુસર **"અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"** યોજના શરૂ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે રાજ્યની તમામ યુનિવર્સીટી, સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર કોલેજો તથા ટેકનીકલ શિક્ષણ સાથે સંકળાયેલી તમામ સંસ્થાઓમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ નક્કી થયેલ ક્ષેત્રો માટે જણાવેલ યાદી પૈકીના વિષયોને ધ્યાને લઇ સૂચવેલ પ્રવૃત્તિઓમાં જોડાય તે માટે **"અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"** યોજના બાબતે નીચે જણાવ્યા મુજબ ઠરાવવામાં આવે છે.

**આ યોજનાનું સ્વરૂપ તેમજ જરૂરી બાબતો નીચે મુજબ રહેશે.**

ઉપરોક્ત યોજનાનું નીચે દર્શાવેલ ૦૫ (પાંચ) વિષયોને કેન્દ્ર સ્થાને રાખી ૦૫ સપ્ટેમ્બર ૨૦૨૧થી અમલી બનાવવાનું રહેશે.


**I. કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અંગે**

**II. પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય**

**III. ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી**


**IV. નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ**

**V. ફિટ ઈન્ડિયા ( રમતગમત તેમજ ખેલકૂદને ઉતેજન )**




## I. કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અંગે

કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા તેમજ ૧૦૦ ટકા રસીકરણનો લક્ષ્યાંક પ્રાપ્ત થાય તે બાબતે જનજાગૃતિ વિકસે તેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજવી. કોરોનાને ધ્યાને લઇ અપેક્ષિત વર્તનની સમાજ વિકસે તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગ તેમજ માસ્કના ઉપયોગ બાબતે જાગૃતિ વધે તે માટેના પ્રયાસો હાથ ધરવા. યુનિવર્સીટી તેમજ કોલેજ કેમ્પસમાં ફરજીયાત રસીકરણ ઝુંબેશ થાય તે સુનિશ્ચિત કરવું. આ બાબતે કેન્દ્ર સ્થાને રાખી સૂચવેલ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો સહયોગ મેળવવાનો રહેશે.




## II. પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય

પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય માટે વૃક્ષારોપણ, ફળાઉ તેમજ ઔષધ વૃક્ષોનું વાવેતર વધે તેવા પ્રયાસ, હયાત વૃક્ષોની જાળવણી, જળ સંચય અને જળ સંરક્ષણ પ્રત્યે લોકોને જાગૃત કરવા, ગ્રીન વિલેજ, કલીન વિલેજ, સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ અટકાવવા બાબત, હરિત ઉર્જા,બાયોગેસનો ઉપયોગ વગેરે બાબતે લોકોને પ્રેરિત કરવા.નજીકના વિસ્તારમાંથી જળસંચય તેમજ જળસંરક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરેલ હોય તેવા પ્રગતિશીલ વ્યકિતઓની મુલાકાત કે વાર્તાલાપ ગોઠવવા.પસંદ કરેલ ગામોમાં ખેત તલાવડીનું નિર્માણ, કુવા રીચાર્જ કરવા તેમજ વરસાદી પાણી જમીનમાં ઉતારવા બાબતે વિદ્યાર્તીઓ દ્વારા લોકોને પ્રેરિત કરવા. સૂચવેલ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણ માટે વન અને પર્યાવરણ વિભાગ, સિંચાઈ તેમજ પાણી પુરવઠા વિભાગ, સ્વચ્છ ભારત મિશન તેમજ વિસ્તારમાં આવેલ ગ્રામીણ વિકાસ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓનો સહયોગ મેળવવાનો રહેશે.



## III. ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી

પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયના જતન તેમજ સંવર્ધનની કામગીરી દ્વારા લોકો રાસાયણિક ખાતર અને કીટનાશકોના ઉપયોગના બદલે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે પ્રેરિત કરવા. રાસાયણિક ખાતર ના વધુ પડતા ઉપયોગથી જમીનને થતા નુકશાન બાબતની જાણકારી સરળ રીતે આપી શકાય તેવી પ્રવૃત્તિઓ કરાવી. પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે નમૂનારૂપ કામગીરી કરેલ હોય તેવા પ્રગતિશીલ ખેડૂતની મુલાકાત કે વાર્તાલાપ ગોઠવી શકાય. પરંપરાગત ખેતી થી મેળવવામાં આવતા તેમજ પ્રાકૃતિક ખેતીથી મેળવવામાં આવતા પાક વચ્ચેના ગુણવત્તા બાબતે ભેદ સમજાવી શકાય તેવી પ્રવૃત્તિઓ યોજવી.સૂચવેલ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણ માટે કૃષિ વિભાગ સાથે જોડાયેલ યુનિવર્સીટી, ખેડૂત તાલીમ કેન્દ્રો, ગ્રામ વિદ્યાપીઠો, ગ્રામ સેવકોનો સહયોગ મેળવવાનો રહેશે.



## IV. નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ

નશાબંધી અને વ્યાસન મુક્તિ બાબતે પ્રયાસ હાથ ધરવા. દારૂ, તમાકું, ડ્રગ્સના ઉપયોગથી આરોગ્યને થતું નુકશાન તેમજ વ્યક્તિની સામાજિક સ્થિતિને થતા નુકશાન વિશે સમજ આપવી, નશાબંધી સપ્તાહની ઉજવણી કરાવી, વ્યાસન થી લોકો મુક્તિ મેળવી શકે તે માટે જાણીતી સંસ્થાઓના વ્યસન મુક્તિને લગતા પ્રદર્શનો ગોઠવવા. બેટી બચાવો બેટી પઢાવોને મહત્વ આપવું, દિકરા અને દિકરીઓના જન્મના પ્રમાણમાં તફાવત દૂર થાય તેમજ ભૃણ હત્યા અટકાવવા લોકજાગૃતિ કેળવવી. દિકરીઓના લગ્ન પ્રસંગે દહેજ પ્રથા નાબુદ થાય તેમજ દહેજ આપવા કરતા દીકરીઓ સ્વાભિમાન સાથે જીવન પસાર કરી શકે તેવું શિક્ષણ તેઓને મળે તે બાબતે લોકોને જાગૃત કરવા સૂચવેલ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણ માટે નશાબંધી અને આબકારી વિભાગ, સમાજ સુરક્ષા વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગનો સહયોગ મેળવવાનો રહેશે.



## V. ફિટ ઈન્ડિયા ( રમતગમત તેમજ ખેલકૂદને ઉતેજન )

યુવા વિદ્યાર્થીઓને સાક્ષરી વિષયોના અભ્યાસ ઉપરાંત રમતગમત ક્ષેત્રે રસ અને રુચિ કેળવાય તેમજ શરીર સ્વાસ્થ્ય અને ફિટનેસ અંગે જાગૃત બને તેમજ ખેલકૂદની સ્પર્ધાઓની મહતમ વિદ્યાર્થીઓ જોડાય તેમજ વિદ્યાર્થીઓનો બહુર્મુખી વિકાસ થાય તેવી પ્રવૃતિઓ હાથ ધરવી. ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પોતાના રસ તેમજ રુચિ અનુસારની રમતોમાં ભાગ લઈ કૌશલ્ય દેખાડવાની તક મળે તે પ્રકારના વિવિધ સ્તરીય વ્યાપક આયોજનો ગોઠવવા. સૂચવેલ પ્રવૃતિઓના આયોજન અને અમલીકરણ માટે યુવક સેવા અને સાંસ્કૃતિ વિભાગ હેઠળની સ્થાનિક રમત ગમત કચેરીનો સહયોગ મેળવવાનો રહેશે.

# શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ

શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ દ્વારા તા: ૧૬/૧૨/૨૦૨૧ ના દિને 'આઝાદીનો અમૃત મહોત્સવ' અંતર્ગત 'શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ' માટે વિવિધ વકતાઓના વ્યાખ્યાન યોજવામાં આવ્યું.









# સી.ડી.જે.રોફેલ આર્ટસ એન્ડ આઈ.એસ.આર.એ.કોમર્સ કોલેજ વાપી

તા. ૨૨-૧૨-૨૦૨૧ રોજ એન.એસ.એસ અને આઝાદી કા અમૃત મહોત્સવ પાંચ પ્રકલ્પ અંર્તગત રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વાપીમાં પ્લાસ્ટિક મુકત ભારત અને સ્વચ્છતા અભિયાન માટે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું જેમાં કુલ ૨૧૭ વિદ્યાર્થીઓ જોડાયા. પ્રિ. ડૉ. એચ.એ.દેસાઈ એ લીલી ઝંડી આપી રેલી ને પ્રસ્થાન કરાવ્યું.





# વાંસદા ખાતે પર્યાવરણ, સ્વચ્છતા અને વૃક્ષોના સંરક્ષણ માટે કાર્યક્રમ યોજાયો



**વાંસદા.** આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદા ખાતે સામુદાયિક સેવા ધારા અંતર્ગત પર્યાવરણ, સ્વચ્છતા અને વૃક્ષોના સંરક્ષણ માટે કાર્યક્રમ યોજાયો જેમાં સ્વયંમ સેવકો દ્વારા કેમ્પસ સફાઇ, પ્લાસ્ટિક ફ્રી કેમ્પસ તથા વૃક્ષોનું સંરક્ષણ થાય તેનાં માટે વૃક્ષોને ગેરૂ, ચુના દ્વારા રંગાવવા આવ્યા, કોલેજના આચાર્ય ડો.વાય.જે.મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સામુદાયિક સેવા ધારા અંતર્ગત કાર્યક્રમ યોજાયો જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો.

# સમાજ સેવા મહાવિદ્યાલય ગાંધી વિદ્યાપીઠ વેડછી

સમાજ સેવા મહાવિદ્યાલયમાં આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે નાણાકીય સાક્ષરતા કેન્દ્ર દ્વારા બેન્કિંગ સેવાની માહિતી આપવામાં આવી. તારીખ ૧૪/૦૨/૨૦૨૨ ના રોજ સમાજ સેવા મહાવિદ્યાલય ગાંધી વિદ્યાપીઠ વેડછીમાં વિદ્યાર્થીઓ બેંકની વિવિધ જાણકારી અને સુવિધા વિશે વાકેફ થાય તે હેતુ થી નાણાકીય સાક્ષરતા કેન્દ્ર દ્વારા ખુબજ મહત્વની બાબતો વિશે સમજ અને જાણકારી આપવામાં આવી હતી.પ્રાર્થના અને સંમેલન ગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કોલેજના આચાર્યશ્રી અર્જુનભાઈએ પધારેલ મહેમાનોનું સ્વાગત અને આવકાર શબ્દોથી અને પુષ્પો અર્પણ કરી કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ATM કાર્ડ ના ફાયદા અને ધ્યાનમાં રાખવાની બાબતો, બેંક દ્વારા આપવામાં આવતી સુવિધા અને યોજના વિશે પણ વિડીઓ પ્રોજેક્ટર(વિડીઓ દર્શન) દ્વારા ખુબજ અગત્યની માહિતી આપવામાં આવી હતી.વિદ્યાર્થી દ્વારા પણ વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન પ્રો. ચૌધરી ભરતભાઈએ કર્યું હતું.











# સરકારી વિજ્ઞાન કોલેજ આહવા

તારીખ -૧૧-૦૨-૨૦૨૨ ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ આહવા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ તેમજ પંચ પ્રકલ્પ અંતર્ગત કોટબા ગામ મુકામે " પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ અને જળ સંચય, કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ, ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી, નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ અને ફીટ ઇન્ડીયા" જેવા વિવિધ પ્રકલ્પો અંતર્ગત નાટક, લોકસંપર્ક,તેમજ વિવિધ પ્રવૃતીઓ કરી તે અંગે જાગૃતિ, માર્ગદર્શન અને ઔષધીય છોડનું વૃક્ષારોપણ અને લોકોને વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં ચર્ચા સભા અને ઘરે ઘરે જઈને ગ્રામજનોને પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ અને જળ સંચય વિશે જાગૃત કરવામાં આવ્યા અને ઔષધીય છોડનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ, નોડલ ઓફિસર પ્રો. પ્રજ્ઞેશ જે ચૌધરી, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. જે.જે.ચૌહાણ કોલેજનો સ્ટાફ હાજર રહેલ.













## શ્રી એમ.આર.ડી.આર્ટસ એન્ડ શ્રી ઈ. ઈ .એલ.કે. કોમર્સ કોલેજ ચીખલી

શ્રી એમ.આર.ડી.આર્ટસ એન્ડ શ્રી ઈ. ઈ .એલ.કે. કોમર્સ કોલેજ ચીખલી ખાતે તારીખ ૧૦/૦૨/૨૦૨૨ના રોજ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પંચ પ્રકલ્પ વિવિધ રમત માટે નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.જેમાં એનએસએસ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ.એફ.એચ.દેસાઈદ્વારા સરળ અને સમજી શકાય એ રીતે કોલેજના રમતપ્રેમીઓને રમત સબંધી વકતવ્ય રજૂ કર્યું હતું.પ્રોગ્રામમાં કોલેજનો શૈક્ષણિક સ્ટાફ અને બિનશૈક્ષણિક સ્ટાફ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.






# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત

સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત **શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત** માં સૂર્ય નમસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું















# શ્રી મુમ્બાદેવી આર્ટસ એન્ડ શ્રીમતી સુગનીબાઈ કોમર્સ કોલેજ મોટાપોંઢા

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મોટાપોંઢા ના એન.એસ.એસ. વિભાગ દ્વારા આજ રોજ આઝાદી કા અમૃત મહોત્સવ સંદર્ભે પ્લાસ્ટિક મુક્ત અભિયાન અંતર્ગત હાટમાં કાપડની થેલીઓ નું વિતરણ અને કોરોના સામે રક્ષણ મેળવવા માટે માસ્ક વિતરણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ ઈન.ચા. પ્રિ.ડો. સતીષભાઈ પટેલ ના અધ્યક્ષતામાં રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મોટાપોંઢા ગામનાં સરપંચ શ્રી રણજીતભાઇ પટેલ, ઉપસરપંચ શ્રી વિનયભાઈ પ્રજાપતિ, જનતા કેળવણી મંડળ મોટાપોંઢાના મંત્રી શ્રી સતીષભાઈ પટેલ, શ્રી ધનસુખ ભાઈ અને કોલેજ નો સ્ટાફ પરિવાર મોટી સંખ્યામાં સ્વયં સેવકોએ ભાગ લીધો હતો. સૌ પ્રથમ પ્રોગ્રામ ઓફિસર ડો શીલા પટેલ અને પ્રા નર્મદા બેનના અધ્યક્ષતામાં વિશાળ રેલી કાઢવામાં આવી હતી. ત્યાર બાદ મોટાપોંઢા ગામનાં હાટમાં ૨૦૦ થેલીઓ નું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે પ્લાસ્ટિક ન વાપરવા અનુરોધ કર્યો હતો. આ સાથે કોરોના સામે રક્ષણ મેળવવા માટે માસ્ક ફરજિયાત પહેરવાનો આગ્રહ રાખે અને સાથે સોશ્યલ ડિસ્ટન્સ રાખવામાં આવે એવી સમજણ આપી ૫૦૦ મફત માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં સૌનો સારો સહકાર થકી કાર્યક્રમ સફળ રહ્યો હતો.













# એચ.આર.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી

એચ.આર.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી ખાતે તારીખ ૦૫/૦૨/૨૦૨૨ના રોજ આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણી નિમિત્તે એન.એસ.એસ.દ્વારા પંચ પ્રકલ્પ અંતર્ગત સૂર્યનમસ્કાર કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.જેમાં એનએસએસના સ્વયંસેવકો તથા અન્ય વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી જિજ્ઞેશ પરમાર દ્વારા સરળ અને સમજી શકાય એ રીતે કોલેજના વિદ્યાર્થીઓ યોગ અને સૂર્ય નમસ્કારનું મહત્વ સબંધી વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામમાં કોલેજના ૧૦૦ થી વધારે સ્વયંસેવકો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં અંતમાં એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર સંજય દાસ સાહેબે આભાર વિધિ કરતા આચાર્ય નઝમા મલેક મેડમનો કાર્યક્રમની વ્યવસ્થા માટે આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.









# શ્રી એમ.આર.ડી.આર્ટસ એન્ડ શ્રી ઈ. ઈ .એલ.કે. કોમર્સ કોલેજ ચીખલી

શ્રી એમ. આર. ડી. આર્ટસ એન્ડ શ્રી ઈ. ઈ. એલ. કે. કોમર્સ કોલેજ ચીખલી ખાતે તારીખ ૦૫/૦૨/૨૦૨૨ના રોજ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પંચ પ્રકલ્પ માટેનો સૂર્યનમસ્કાર કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં એનએસએસ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ. એફ. એચ. દેસાઈ દ્વારા સરળ અને સમજી શકાય એ રીતે કોલેજના વિદ્યાર્થીઓ યોગ સબંધી વકતવ્ય રજૂ કરવા માં હતું. પ્રોગ્રામમાં કોલેજનો શૈક્ષણિક સ્ટાફ અને બિનશૈક્ષણિક સ્ટાફ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.









# સી.ડી.જે.રોફેલ આર્ટસ એન્ડ આઈ.એસ.આર.એ.કોમર્સ કોલેજ વાપી

તા.૩-૨-૨૦૨૨ ના રોજ રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વાપી, માં આઝાદીકા અમૃતમહોત્સવ અંતર્ગત અને એન.એસ એસના ઉપક્રમે ૧૫ થી ૧૭ વયના વિદ્યાર્થીઓ માટે બીજા રસીકરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્બન હેલ્થ સેન્ટર, વાપી ટાઉનના ત્રણ પરિચારિકા બહેનો દ્વારા કુલ ૯૦ વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન એન.સી.સી. અને એન.એસ.એસ. ના સ્વયંસેવકોએ મદદરૂપ થઈ સમગ્ર રસીકરણના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કોલેજના આચાર્યા ડૉ. હેમાલીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસરો અને શારીરિક શિક્ષણના પ્રા. ડૉ. જગદીશ પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન સંભાળ્યું હતું.










## નર્મદા આર્ટસ એન્ડ સાયન્સ  કોલેજ, ઝાડેશ્વર ભરૂચ

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે પંચ પ્રકલ્પ અંતર્ગત પર્યાવરણ જાગૃતિ અને સુરક્ષા માટે વૃક્ષ સુશોભન નો કાર્યક્રમ આજરોજ નર્મદા કોલેજ ભરૂચ ખાતે યોજાયો જેમાં એન.એસ.એસ.ના એકસો પાંચ સ્વયંસેવકોએ જાને ગેરુ ચૂનો લગાવી પ્રોટેક્શન પૂરું પાડ્યું અને સુશોભિત કર્યા









દિવ્ય ભાસ્કર ભરૂચ-અંકલેશ્વર 22-01-2022

# આઝાદી કા અમૃત મહોત્સવ પાંચ પ્રકલ્પ અંતર્ગત ડેડિયાપાડા કોલેજમાં કાર્યક્રમ યોજાયો



ડેડિયાપાડા | ડેડિયાપાડા કોલેજના પ્રિન્સિપાલ ડો. અનિલાબેન પટેલ ની અધ્યક્ષતા માં અત્રેની સરકારી વિનયન કોલેજ, દેડિયાપાડા અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી નર્મદાનાં સંયુક્ત ઉપક્રમેં " કામકાજના સ્થાને મહિલાઓની જાતિય સતામણી ( નિવારન , પ્રતિબંધ અને ફરિયાદા નિવારણા અધિનિયમ, ૨૦૧૩ હેઠળ કાયદાકીય હેતુ માર્ગદર્શન, સેમિનાર નું અયોજન કરવામાં આવ્યો હતો. જેમાં કાર્યક્રમ ની શરુઆત પ્રાથનાં થી કરવામાં આવ્યુ હતું.







## સમાજસેવા મહાવિદ્યાલય ગાંધી વિદ્યાપીઠ

આઝાદી કા અમૃત મહોત્સવ ના ભાગરૂપે સમાજસેવા મહાવિદ્યાલય ગાંધી વિદ્યાપીઠ દ્વારા ગૌ શાળા માં સફાઈ નો કાર્યક્રમ યોજાયો હતો







# શ્રી એમ.આર.ડી.આર્ટસ એન્ડ
# શ્રી ઈ. ઈ .એલ.કે. કોમર્સ કોલેજ ચીખલી

શ્રી એમ.આર.ડી.આર્ટસ એન્ડ શ્રી ઈ. ઈ .એલ.કે. કોમર્સ કોલેજ ચીખલી ખાતે તારીખ ૧૩/૦૧/૨૦૨૨ના રોજ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પંચ પ્રકલ્પ માટે નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં એનએસએસ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ.એફ.એચ.દેસાઈદ્વારા સરળ અને સમજી શકાય એ રીતે કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ વૃક્ષોનું જતન અને વૃક્ષ રોપણ દ્વારા પર્યાવરણ ને બચાવી સમાજ સેવા માટેનું વકતવ્ય રજૂ કરવા માં હતું. પ્રોગ્રામમાં કોલેજનો શૈક્ષણિક સ્ટાફ અને બિનશૈક્ષણિક સ્ટાફ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.






# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કાછલ

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કાછલ ખાતે તા. ૧૨/૦૧/૨૦૨૨ ના રોજ અમૃત મહોત્સવ અંતર્ગત એન.એન.એસ. વિભાગ અને નેહરુ યુવાકેન્દ્ર સંયુક્ત ઉપક્રમે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિતે સ્વામીવિવેકાનંદને પુષ્પાંજલિ અર્પિત કરી. ત્યારબાદ નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નિબંધ સ્પર્ધામાં કુલ ૧૬ વિદ્યાર્થીઓ તેમજ ચિત્ર સ્પર્ધામાં ૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો. જેમાં નિબંધ સ્પર્ધામાં એકથી ત્રણ નંબર એનાયત કરવામાં આવ્યા અને ચિત્ર સ્પર્ધામાં એક નંબર આપવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર શ્રી ઉર્વિક પટેલ તથા ડૉ.પદમા આર.તડવી અને શ્રી જગદિશ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું અને સમગ્ર કાર્યકર્મની પુર્ણાહુતિ કરવામાં આવી.







# સી.ડી.જે.રોફેલ આર્ટસ એન્ડ આઇ.એસ.આર.એ.કોમર્સ કોલેજ વાપી

સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં આજ રોજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે ડૉ. અજયભાઇ નાયક અને પ્રો. પારૂલબેને સેવા આપી.

પ્રથમ વિજેતા : રાઠોડ નિધિ ટી.વાય.બી.એ.

દ્વિતીય વિજેતાઃ મૌર્યા લક્ષ્મી ટી. વાય. બી કોમ.

ડૉ. આચાર્યા હેમાલી બેન દેસાઇ ના માર્ગદર્શન હેઠળ ડૉ. રશ્મિબેન મહેતા અને ડૉ.જયાબેન પરમારે સંચાલન કર્યું.
















# સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદા

**સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદા ખાતે રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું .**

દિવ્ય ભાસ્કર **નવસારી** 08-01-2022

**રક્ષા કવચ | વાંસદા કોલેજમાં 15-18 વર્ષના યુવાનોને રસી અપાઇ**



આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વાંસદા કોલેજમાં કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અભિયાન અંતર્ગત કોલેજમાં 15થી 18 વર્ષ સુધીના તમામ વિદ્યાર્થીઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.વાય.જે.મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સામુદાયિક સેવા ધારા તથા રાષ્ટ્રીય સેવા યોજના પ્રોગ્રામ ઓફિસર ડો.અનિલ એસ ચૌધરી, ડો.કલ્પનાબેન ડી.પટેલ, પ્રા.દીનબંધુ પ્રજાપતિ, રાકેશ ભાઈ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજનો સમગ્ર સ્ટાફ સહભાગી બન્યો હતો. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મહુવાસ દ્વારા વેક્સિનેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




## સરકારી વિનયન અને વાણિજય કોલેજમાં ૧૫થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓ માટે રસીકરણ કાર્યક્રમ યોજાયો

**વાંસદા**

વાંસદામાં આવેલ સરકારી વિનયન અને વાણિજય કોલેજમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અત્રેની કોલેજમાં કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અભિયાન અંતર્ગત કોલેજમાં ૧૫ થી ૧૮ વર્ષ સુધીના તમામ વિદ્યાર્થીઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.વાય.જે.મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સામુદાયિક સેવા ધારા તથા રાષ્ટ્રીય સેવા યોજના પ્રોગ્રામ ઓફિસર ડો.અનિલ એસ ચૌધરી, ડો.કલ્પનાબેન ડી.પટેલ, પ્રા.દીનબદ્દુ પ્રજાપતિ, રાકેશભાઈ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

જેમાં કોલેજનો સમગ્ર સ્ટાફ સહભાગી બન્યા હતા. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મહુવાસ દ્વારા આ વેક્સીનેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.





# શ્રી એમ.આર.ડી.આર્ટસ એન્ડ શ્રી ઈ. ઈ .એલ.કે. કોમર્સ કોલેજ ચીખલી

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત એન.એન.એસ. વિભાગ દ્વારા શ્રી એમ.આર.દેસાઈ આર્ટસ એન્ડ શ્રી ઈ. ઈ.એલ.કે.કોમર્સ કોલેજ ચીખલીમાં આજ રોજ SSIP નું આયોજન કરવામાં આવ્યું.















# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ , મહુવા



## મહુવા તાલુકાની સરકારી વિનયન વાણિજ્ય કોલેજમાં અમૃત મહોત્સવ

। બારડોલી ।

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ કાછલ ખાતે અમૃત મહોત્સવ અંતર્ગત એન.એન.એસ. વિભાગ દ્વારા યોગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં જિલ્લા આયુર્વેદિક હોસ્પિટલ બારડોલીમાંથી ડો. પ્રીતિબેન અને ભગવાનપુરાથી યોગ શિક્ષક સુનિલભાઈ આવ્યા હતા. જેમણે વિવિધ આસનો અર્ધચક્રાસન, તાડાસન, ભુજંગાસન, પદ્માસન અને અનુલોમ-વિલોમ, ભ્રમરી, કપાલભાતી, ભસ્ત્રીકા વગેરે વિવિધ પ્રાણાયામો કરાવી વિદ્યાર્થીઓને કોરોનાકાળની આવી પરિસ્થિતિમાં આપણા શરીરની ઈમ્યુનિટી વધારવાના વિવિધ ઉપાયો બતાવ્યા અને સાથે તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે આ કાર્યક્રમ ઉત્સાહભેર પૂર્ણ કરવામાં આવ્યો હતો.







# શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધરમપુર.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'પ્લાસ્ટિક મુક્ત કેમ્પસ' વન્ડે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.











# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

સમગ્ર દેશમાં "આઝાદીકા અમૃત મહોત્સવ"ની થઈ રહેલી ઉજવણી અંતર્ગત ભારતના જળ શકિત મંત્રાલય દ્વારા " RIVER OF INDIA"ની Theme અન્વયે ગુજરાત સરકાર દ્વારા તારીખ ૨૬/૧૨/૨૧ના રોજ નદી ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે તાપી પૂજન કાર્યક્રમ, શપથ કાર્યક્રમ તથા શ્રમદાનનો કાર્યક્રમ સીંગણપોર કોઝવે, સુરત ખાતે યોજાયો હતો. જેમાં સુમુલ ડેરી રોડ, સુરત સ્થિત શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સના NSSના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.









# એચ આર શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નવસારી

પંચ પ્રકલ્પ યોજનાના કાર્યક્રમના ભાગરૂપે આજરોજ અમારી કોલેજ એચ આર શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નવસારી ખાતે કેરિયર ગાઈડન્સ અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા વિશે નો સેમિનાર યોજાયો. જેમાં કોલેજના આચાર્ય ડોક્ટર એને મલેક જીગ્નેશ પરમાર NSS P.O & સંજય દાસ P.O NSS તથા સ્ટાફ મિત્રોએ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાં મુખ્ય વકતા તરીકે બ્રહ્મભટ્ટ સાહેબ હતા.





## સમાજ સેવા મહાવિદ્યાલય BRS કોલેજ

**સમાજ સેવા મહાવિદ્યાલય BRS કોલેજમાં આઝાદીકા અમૃત મહોત્સવના ભાગ રૂપે એક દિવસીય મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરાયું**



















# જે. એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ, જંબુસર

આઝાદી કા અમૃત મહોત્સવ શ્રેષ્ઠ ભારત કે પાંચપ્રકલ્પ અંતર્ગત જે.એમ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર ખાતે “નશામુકિત” કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.















# એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા

આઝાદીના અમૃત મહોત્સવના અંતર્ગત તારીખ ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ પંચ પ્રકલ્પ કાર્ય કરી રહેલ વિદ્યાર્થી મિત્રો તથા કોર્ડીનેટર.












# એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા

પંચ પ્રકલ્પ અંતર્ગત તારીખ ૮ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ એ. વી. પટેલ કોમર્સ કોલેજ ખાતે સ્પોર્ટ્સ ડે ની ઉજવણી




















# શેઠ સી.ડી.બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

આઝાદી ની ઉજવણીના અમૃત મહોત્સવ અંતર્ગત પંચ પ્રકલ્પ પૈકી "પર્યાવરણ પ્રકલ્પ“ અંતર્ગત તા. ૪.૨.૨૦૨૨ ને શુક્રવાર ના રોજ શેઠ સી.ડી.બરફીવાલા કોલેજ ઓફ કોમર્સમાં 'CLIMATE CHANGE અને કોમર્સ ના વિદ્યાર્થીઓનો રોલ' વિષય પર પ્રો. ડાૅ. ચિંતન આર પટેલ જેઓ SVNIT કોલેજ માં CIVIL ડીપાર્ટમેન્ટમાં એસોસિએટ પ્રોફેસર તરીકે સેવા આપે છે તેમનું પ્રતિભા સંપન્ન વ્યાખ્યાન યોજાયું. Climate change ની પ્રતિકૂળ અસરોને મર્યાદિત કરવામા વિદ્યાર્થીઓ સંયમિત વાહન ઉપયોગ, વીજળી અને ઈન્ટરનેટ નો ઉપયોગ કરીને અને વધારે જરૂરી આ અંગેના નવા business model ના વિચારોવાળા સ્ટાર્ટ અપ શરૂ કરીને ખૂબ મહત્વનો ફાળો આપી શકે છે. સમગ્ર કાર્યક્રમ નો મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એ લાભ લીધો હતો.










## નવયુગ સાયન્સ કોલેજ, સુરત

આઝાદી અમૃત મહોત્સવ અંતગર્ત સૂર્યનમસ્કાર. આમ જોવા જઈએ તો આઝાદી પર લખવા બેસીએ તો પાનાં ઓછા પડે એમ કહેવાય અને અત્યારે આવા આઝાદીના અમૃત મહોત્સવ અંતગર્ત નવયુગ સાયન્સ કોલેજ, સુરત ખાતે સાપ્તાહિક એટલે કે સાત દિવસ સુધી રોજ સવારમાં તેર સૂર્યનમસ્કાર કરવા માટેનું કાર્યક્રમ થયેલ છે. તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૨૨ એટલે કે સૂર્યનમસ્કાર કરવા માટેનો પહેલો દિવસ. આ દિવસે N.S.S. જવાનો તથા કૉલેજના વિધાર્થીઓ સહિત પ્રોફેસર સાહેબશ્રીઓ પણ કાર્યક્રમમાં જોડાયા હતા. સૌથી મહત્વની બાબત સમજાવતા અમારા પ્રિન્સિપાલ સાહેબશ્રી ડો. અશ્વિનભાઈ પટેલ ના શબ્દો હતા કે આજનો યુવાન મોબાઈલ ફોન જેવા સાધનથી એટલો બધો પ્રેરયો છે કે તે પોતાના સ્વાસ્થય પર પણ ધ્યાન આપતો નથી અને તેમણે યોગ તથા સૂર્યનમસ્કારનું મહત્વ સમજવ્યું સાથે સાથે પ્રોફેસર સાહેબશ્રી મનીષભાઈ ગોંડલીયા અને સંજયભાઈ પંડયા એ પણ યુવાનોને પ્રેરણા આપી અને એક નવો જોશ જગાડયો. ત્યારબાદ અમારા પ્રણેતા એવા શ્રી ભરતભાઈ વિવેકજી અને શ્રી શિવશરન કુશવાહ એ સૂર્યનમસ્કાર કઈ રીતે કરવા અને તેનાથી શું શું લાભ થાય છે તે સમજણ સાથે તથા શ્લોકોચ્ચાર સાથે સૂર્યનમસ્કાર કર્યા અને આ સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થયો. આમા શ્રીમતી શ્રુતી બહેન એ પણ ફાળો આપ્યો હતો.









# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવા

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત NSS Team દ્વારા સુંદર રંગોળી ની રચના






# આહવા કોલેજ ખાતે ‘કોરોના સંક્રમણ અટકાવવા “રસીકરણ કાર્યક્રમ”નું આયોજન




**ચિરાગ પંચાલ**

**વઘઈ :** સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ આહવા-ડાંગ ખાતે તા.૨૦/૦૧/૨૦૨૨ના રોજ આઝાદીકા અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ- ભારત કે પાંચ પ્રકલ્પ અંતર્ગત ‘કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અંગેની સમિતિ’ દ્વારા “રસીકરણ કાર્યક્રમ”નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કૉલેજના અધ્યાપકો, કાર્યાલયનો સ્ટાફ અને કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં કૉલેજના ૧૫ થી ૧૮ વર્ષની ઉમરના ૧૫૨ જેટલાં વિદ્યાર્થીઓએ રસી લીધી હતી. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ.યુ.કે.ગાંગુર્ડે સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કૉલેજના પ્રાધ્યાપક ડૉ. સચીન મહેતા, પ્રા. ઉમેશ હડસ, અને પ્રા. વિલાસીનીબેન પટેલ દ્વારા કોરોના રસી અંગેની માહિતી આપી અને રસીનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને રસીકરણ માટે યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરું પાડી સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવામાં પોતાનો ફાળો આપ્યો હતો. ડાંગ જિલ્લા આરોગ્ય વિભાગ, આહવા તાલુકા આરોગ્ય વિભાગ અને પિંપરી PHC સેન્ટર તથા RBSK-૯૦૫ (રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ-૯૦૫) પિંપરી ટીમે રસીકરણ અંગેની કામગીરીમાં પુરતો સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સરકારી વિનયન કોલેજ, દેડિયાપાડા

આઝાદી કા અમૃત મહોત્સવ પાંચ પ્રકલ્પ અંતર્ગત આજ તા ૨૦/૦૧/૨૦૨૨ ના રોજ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલ ની અધ્યક્ષતા માં અત્રેની સરકારી વિનયન કોલેજ, દેડિયાપાડા અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી નર્મદાનાં સંયુક્ત ઉપક્રમે " કામકાજના સ્થાને મહિલાઓની જાતિય સતામણી ( નિવારન , પ્રતિબંધ અને ફરિયાદા નિવારણા અધિનિયમ, ૨૦૧૩ હેઠળ કાયદાકીય હેતુ માર્ગદર્શન, સેમિનાર નું અયોજન કરવામાં આવ્યો હતો. જેમાં કાર્યક્રમ ની શરુઆત પ્રાથનાં થી કરવામાં આવ્યુ હતું. તાલુકા કાનુંની સેવા સત્તા મંડળના વકીલ ડી.એમ.દરજી અને હરીસીંગભાઇ વસાવા વકીલ, 'નિર્ભયા' ના HC મંગુભાઇ વસાવા, RSETY ના સંચાલક પી.એફ, બારોટ, નારી અદાલત જિલ્લાના કો-ઓર્ડિનેટર ભવિનીબેન વસાવા, 'સખી વના સ્ટોપ સેન્ટર' ના સંચાલક જ્યોતિબેના વાઘમોર, ૧૮૧ મહિલા હેલ્પલાઇન (અભયમ) ના કાઉન્સિલર દામિની બેન અને જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરીના અધિકારી શ્રી હશીનાબેન વગેરેએ જાતિય સતામણી, દહેજ પ્રથા, કુટુંબ વ્યવસ્થામાં થતા અત્યાચાર, સોશિયલ મિડિયા માધ્યમ થી ઘરેલુ હિંસામાં ભોગ બનનાર મહિલા ને મદદરુપ બનવું, મહિલાઓને રોજગારી મેળવવા જાય ત્યાં જાતિય સતામણી અંગે જાગૃતતા અંગે વાત કરી. અંતે કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલ નારી શકિત, મહિલા ઓના અધિકારો વિશે ચર્ચા કરી હતી. જેમાં ૧૦૦જેટલી વિધાર્થીનીઓ એ ભાગ લીધો હતો અને કોલેજ ના તમામ સ્ટાફ હાજર રહ્યા હતા. જે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વખતસિંહ ગોહિલ સાહેબે કર્યુ હતુ. આમ જાતિય સતામણી (કુરિવાજ) નિવારણા અધિનિયમ નો કાર્યક્રમ સફળ રહ્યો હતો.








# સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી

"Azadi Ka Amrut Mahotsav". Corona testing and 2nd vaccination drive for 15th to 18th year age held at our college. "Ukara distribution is also done for all staff and students present to improve immunity during third wave at Government Science College, Pardi Valsad on 18 January 2022.









# સરકારી વિનયન કોલેજ, દેડિયાપાડા




આઝાદી કા અમૃત મહોત્સવ
રાષ્ટ્રીય યુવા દિવસ એન એસ એસ અંતર્ગત આજ રોજ તા ૧૨/૦૧/૨૦૨૧ સરકારી વિનયન કોલેજ દેડિયાપાડા ના પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલ ની અદ્યક્ષતામાં કોલેજ મા 'રાષ્ટ્રીય યુવા દિવસ' ની ઉજવણી કરવા માં આવી જેમાં આજની (Covid-19) પરીસ્થિતી ને ધ્યાનમાં રાખી ને કોલેજ મા અભ્યાસ કરતા ૧૫ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓ ને પ્રથમ ડોઝ અને સેકન્ડ ડોઝ નું રસીકરણ નો કેમ્પ રાખવામાં આવ્યો હતો જેમાં કોલેજ મા અભ્યાસ કરતા ૫૯ વિદ્યાર્થીઓ પ્રથમ ડોઝ લીધો હતો અને ૨૫ વિદ્યાર્થીઓ સેકન્ડ ડોઝ લીધો હતો અને ૧ બુસ્ટર ડોઝ સહિત કુલ ૮૫ વિદ્યાર્થીઓ એ વેક્સિન લીધી હતી. એન એસ એસ ના કોડીનેટર રમેશભાઈ કે વસાવા હાજર રહ્યા હતા. તમામ સ્ટાફ ના સહયોગ થી આ રસીકરણનો કાર્યક્રમ સફળ રહ્યો.












# એચ.આર.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

આઝાદી કા અમૃત મહોત્સવ પાંચ પ્રકલ્પ યોજના અંતર્ગત એન.એન.એસ. વિભાગ દ્વારા એચ.આર.શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીનીઓને આજ રોજ ઐતિહાસિક સ્થળ દાંડી મુકામે મુલાકાત કરાવી સ્વતંત્ર સેનાનીઓ નાં યોગદાન અને તેમના જીવન પરિચય વિશે માહિતી આપવામાં આવી રહી છે. જેમાં ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અને છ પ્રોફેસર લોકોએ ભાગ લીધો છે.






## જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

આઝાદી કા અમ્રીત મહોત્સવ અંતર્ગત એન.એન.એસ. વિભાગ દ્વારા તારીખ ૫ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીનીઓને સૂર્યનસ્કાર અને યોગ તાલીમ આપવામાં આવી.












# ધરમપુરની વનરાજ કોલેજમાં એન.એસ.એસ.વાર્ષિક શિબિર યોજાઈ



(દ.ગં.ટા. પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૭ :** શ્રી વનરાજ આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ, ધરમપુરમાં ચાલતી રાષ્ટ્રીય સેવા યોજનાનો સાત દિવસીય શિબિર તા.૨૨/૨/૨૦૨૨ થી ૨૮/૨/૨૦૨૨ દરમ્યાન ધરમપુર તાલુકાના બારસોલ ગામે યોજાઈ હતી. જેનું ઉદ્ઘાટન સમારંભ તા.૨૩/૨/૨૦૨૨ના રોજ ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કરાયું હતું. સમારંભને દીપ પ્રગટાવી ગામના સરપંચ પ્રભાતભાઈ પટેલે ખુલ્લું મુક્યું હતું. ધારાસભ્યએ પ્રમુખ સ્થાનેથી ઉદ્બોધન કરતાં એન.એસ.એસના શિબિરાર્થીઓને જણાવ્યું હતું કે વર્ગમાં માત્ર પુસ્તકીયું જ્ઞાન મળે છે જ્યારે આવા શિબિરો દ્વારા વ્યક્તિત્વ ઘડતર થાય છે. આદિવાસી એકતા પરિષદના પ્રમુખ કમલેશ પટેલે લોકબોલી, લોક સાહિત્ય અને લોક પરંપરાઓના જતન માટે હાકલ કરી હતી. કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ઉત્તમભાઈ પટેલે સ્વયં સેવકોને રાષ્ટ્ર નિર્માણમાં આવા શિબિરનું મહત્વ સમજાવી ‘આઝાદીના અમૃત મહોત્સવ’ અંતર્ગત ‘યુવા સંકલ્પ-શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ’ની પ્રવૃતિ કરવા સ્વયં સેવકોને જણાવ્યું હતું. પ્રોગ્રામ ઑફિસર ડૉ. શૈલેષ રાઠોડે સાત દિવસના શિબિરનો ચિતાર રજૂ કર્યો હતો. આ સમારંભમાં સ્કૂલના આચાર્યા અલ્પાબેન પટેલ, ઉપ સરપંચ વિજય આહિર, બી.આર.સી. કૉ.ઓર્ડીનેટર નેહલ ઠાકોર, રાજેશ આહિર, ખારવેલના સરપંચ રાજેશ પટેલ, ભાંભાના સરપંચ કૌશિક પટેલ, ગંગાબેન પટેલ, ડૉ.હિરેન ચાવડા, કાંતિભાઈ પટેલ તથા ગામના અગ્રણી નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન એન.એસ.એસ.ના લીડર કુ.જિનલ આહિર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રા.નીરૂબેન ગાંવિત અને ડૉ.એન.ટી.ઢીંમરે મહત્વની ભૂમિકા ભજવી હતી. આભાર વિધિ ડૉ.એસ.જી.પટેલે આટોપી હતી.

દમણગંગા ટાઈમ્સ 28/2/22

# ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ બારડોલી

કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની કચેરી ગાંધીનગર આયોજિત જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી સુરત અને ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ બારડોલીના એન.એસ.એસ તથા એન.સી.સી ના વિદ્યાર્થીઓના સહયોગથી આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષા યુવક નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિર વર્ષ ૨૦૨૧-૨૦૨૨ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંત ઓફિસર સાહેબ શ્રી ડોક્ટર વિષ્ણુભાઈ ચૌધરી ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.














# એસ.જી. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નિઝર

આઝાદી કા અમૃત મહોત્સવ શ્રેષ્ઠ ભારત કે પંચપ્રકલ્પ અંતર્ગત **એસ.જી. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નિઝર** ખાતે “સ્ત્રી સશકિતકરણ” કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.








# શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ

આજરોજ શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ ખાતે NSS વિભાગ દ્વારા યુવાનો અને વ્યસન મુકિત વિષય પર નશાબંધી અને આબકારી ખાતું ગુજરાત ના ડાયરેક્ટર IAS ઓફિસર શ્રી સુનીલકુમાર સાહેબ ની ઉપસ્થિતિ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નશાબંધી કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું



















# બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી

As per the notification of Govt. of Gujarat , a program was organised at B P Baria Science Institute Navsari under the banner of "Akhand Bharat ke Panch Prakalp"and NSS where the students of all the classes participated in different competions like Patriotic song singing, Poster making and Elocution competition. I was a step to bring awareness among the students of their own skills of which they themselves sometimes remain unaware. This type of programs initiated by the Government of Gujarat provides a platform to the youth to find their own talent and thereby work upon it besides having a degree. 1st , 2nd and 3rd prize were given to the students for their performance and and our program officer Dr. Jitu Tandel and Dr. Rajesh B Patel helped to carry out the function smoothly. Dr Farida P Minocheherhomji, Dr, Alkesh I Shah and Dr. A C Champaneri presided over the function.












# કાછલની કોલેજમાં પર્યાવરણ જળસંચય અને પ્રાકૃતિક ખેતી પર સેમિનાર યોજાયો



| બારડોલી |

મહુવા તાલુકાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ કાછલ તથા ગ્રામ પંચાયત કાછલ, ડુંગરી અને કરચેલીયાના સંયુક્ત ઉપક્રમે આઝાદીનો અમૃત મહોત્સવ અંતર્ગત કાછલ કોલેજ ખાતે સેમિનારનું આયોજન તા. ૧૪-૦૨-૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અંગે ગણદેવા ગામના પ્રાકૃતિક કૃષક સંજયભાઈ નાયકે વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ પર્યાવરણ, સ્વચ્છતા, જળસંચય અને જળસંરક્ષણ પ્રકલ્પ અન્વયે આયુર્વેદ અને વન ઔષધીઓ વિશેની સમજ મેડિકલ ઓફિસર ડો. શૈલેશ ડુંગરાણી, ડો. દિલીપ ઈટાલીયા અને ડો. અર્ચના લાખાણી દ્વારા પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમમાં કાછલ ગામના સરપંચ કલ્પનાબેન ચૌધરી, ડુંગરી ગામના સરપંચ મનિષાબેન ચૌધરી તેમજ કરચેલીયા ગામના સરપંચ કેયૂરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્ય ડો. હેતલ એસ. ટંડેલ આઝાદી અમૃત મહોત્સવની ઉજવણી અંગેની માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં ૪૦ ગ્રામજનો અને ૧૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# એ . વી . પટેલ કોમર્સ કોલેજ

પંચપ્રકલ્પની પ્રવૃત્તિ કરતા બીલીમોરાની એ . વી . પટેલ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ બેટી બચાવો અભિયાન તથા મહિલા જનજાગૃતિ પર વ્યાખ્યાન તથા બાળકોને પ્રેરક પ્રસંગો ની વાર્તાઓ કહી.











# નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ભરૂચ

Elocution and poster making competition on dowry system and drug ediction on the occasion of aazaadi ka amrut mahotsav under Panch prakalp at Narmada college of science and commerce zadeshwar Bharuch
















## બી .કે.એમ સાયન્સ કોલેજ , વલસાડ

ગૌ આધારિત ખેતી પર ડૉ બી જી પટેલ સાહેબ શ્રેયાન અધિક્ષકશ્રી હાયર એજ્યુકેશન કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર. અને ડૉ.અજય પટેલ અધ્યપક,BRS College ,થવા.ભરૂચ. દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું

# વલસાડ સાયન્સ કોલેજમાં 'ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી' વિષય પર વ્યાખ્યાન




વલસાડ : વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજ ખાતે 'અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ- શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ અંતર્ગત ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી' વિષય પર ડૉ. બિપીનકુમાર જી. પટેલ (સિનિયર સુપરિન્ટેન્ડન્ટ, હાયર એજ્યુકેશન કમિશનર ઓફિસ, ગાંધીનગર) તેમજ ડૉ. અજય એન. પટેલ (વ્યાખ્યાતા બી.આર.એસ. કોલેજ, થવા, તા. નેત્રંગ, જિ. ભરૂચ)ના વ્યાખ્યાનોનું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓને રસપ્રદ શૈલીમાં ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. વિકાસભાઈ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ટી.જી. ગોહિલ, વિભાગીય વડા અને અધ્યાપકો હાજર રહ્યા હતા. આચાર્ય ડૉ. વિકાસભાઈ દેસાઈએ પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું હતું. કાર્યક્રમનું આયોજન ડૉ. ભાવનાબેન મિસ્ત્રી અને સમિતિ સભ્યો તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. બી.જી.પટેલ દ્વારા સંયુક્ત રીતે કરાયું હતું.

# શ્રીમતી આર. પી. ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે.કે. શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કોલેજ, વ્યારા

આઝાદી કા અમૃત મહોત્સવ શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ અંતર્ગત શ્રીમતી આર. પી. ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે.કે. શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કોલેજ, વ્યારા દ્વારા દત્તક ગામોમા વ્યસન મુકિત, દહેજના દૂષણ અને નશાબંધી જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવેલ હતો.











# College of Applied Sciences and Professional Studies,Chikhli

CASPS college organize singing (Kavya,shorya geet,Lok geet) competition on " Aazhadi ka Amruh mahotsav as 125th Birth Anniversary of Shree Zaverchand Meghani " themes in this competition four students was participate in this events





# College of Applied Sciences and Professional Studies, Chikhli

It is a story of india-pakistan soldier. At border they were behave like friends and brothers in normal day but when war was started that time they perform their duties obediently for country.







# Department of Library & Information Science VNSGU, Surat

On the Celebrations of Azadi ka Amrut Mahotsav, Various books related to Azadi were reviewed by all Students comes in Library






# Government Science College Bhilad

As part of the initiative by the Ministry of Culture to mark Azadi Ka Amrit Mahotsav, several students and NSS volunteers from Government Science College Bhilad participated in the event and recorded the recitation of the national anthem online. They have also received online certificate for the same. More than 80 students participated in this event. They have also submitted their certificates (softcopy) to the college.






CERTIFICATE
OF PARTICIPATION
Ministry of Culture
THIS CERTIFICATE IS AWARDED TO
Yogesh A Halpati
FOR SUCCESSFUL PARTICIPATION IN RASHTRAGAAN,
AN INITIATIVE BY THE MINISTRY OF CULTURE TO MARK AZADI KA AMRIT MAHOTSAV.
YOUR VIDEO WILL BE COMPILED WITH THOSE OF OTHER PARTICIPANTS AND RELEASED ON 15TH AUGUST 2021,
TO SET A RECORD OF THE MAXIMUM NUMBER OF INDIANS SINGING THE NATIONAL ANTHEM TOGETHER!
JAI HIND


CERTIFICATE
OF PARTICIPATION
Ministry of Culture
THIS CERTIFICATE IS AWARDED TO
Anankumar Chunilal Patel
FOR SUCCESSFUL PARTICIPATION IN RASHTRAGAAN,
AN INITIATIVE BY THE MINISTRY OF CULTURE TO MARK AZADI KA AMRIT MAHOTSAV.
YOUR VIDEO WILL BE COMPILED WITH THOSE OF OTHER PARTICIPANTS AND RELEASED ON 15TH AUGUST 2021,
TO SET A RECORD OF THE MAXIMUM NUMBER OF INDIANS SINGING THE NATIONAL ANTHEM TOGETHER!
JAI HIND

# Government Science College Bhilad

The Teacher's Day (September 5, 2021) was celebrated on September 4, 2021 at Government Science College Bhilad. The celebration of the event was divided in two sessions. In the morning session, students of the second and the third year taught the rest of the students in the classrooms. Total 19 students from both the years participated as faculties of different subjects.

The afternoon session was organised in order to make students understand the importance of The Teacher's Day. Here, total 19 events (song, drama, speech etc.) were presented and 62 students participated in them. Both the sessions were organised jointly by Saptdhara Committee and NSS Committee of the college.





# Government Science College Bhilad

As part of the Saptdhara Programme and College Sports Day Celebrations, two-day sports event was organised in Government Science College Bhilad from 10/01/2022 to 12/01/2022. More than 150 students participated in more than ten different sports competitions such cricket, tug of war, kho kho, kabbaddi, badminton etc. The winners will be awarded certificates and prizes during the annual function to be organised soon.





The cow & the organic farming"seminar was arranged-vada. In this seminar Dr. C. K. Timbadia, the director of agriculture science centre, Navsari delivered a lecture. He explained the importance a cow in ancient times. He also showed the benefits a bacteria which are there in the cow urine and also in the cow-dung to the villagers. He showed the various ways to the all there in farming.





The keynote speaker of the program, Shri Dhananjay Bhatt, gave a succinct discourse on the effects of drugs on personal, family and social life in a way that the young brothers and sisters and elders of the village could understand.







## SASCMA ENGLISH MEDIUM COMMERCE COLLEGE, VESU, SURAT, GUJARAT.

SASCMA ENGLISH MEDIUM COMMERCE COLLEGE, trusted by STERs affiliated with Veer Narmada South Gujarat University, in the celebration of "Azadi ka Amrut Mahotsav" our institution has organized various interclass competition with particular message to youth and young generation which includes Elocution Competition, Singing Competition, Poetry Recitation Competition, Book/Movie review Competition as well have celebrated National Youth Day and Republic Day as well in order to build up unity and harmony on this precious mahotsav have also celebrated with staff and management with joy and enlightment.












Azadi ka amrut mahotsav is an initiative by the Government of India to celebrate and commemorate for 75 years of Independence of progressive India and the magnificent history of our peoples, cultures and achievements. The Prime Minister, Shri Narendra Modi inaugurated the 'Azadi Ka Amrit Mahotsav' by flagging off 'Dandi March' from Sabarmati Ashram, Ahmedabad on 12th March, 2021. The celebrations started 75 weeks before our 75th anniversary of Independence and will end on 15th August, 2023.

In light of the above, Suresh Mehta College have participated pro-actively in Mahotsav by conduction numerous competitions and organize events related to the freedom struggle, ideas, achievements and actions so that the students can rivet the greatness of sacrifices this nation has seen for its independence, which help them to be progressive in socially, politically and economically over the decades and celebrate the diversity. The main objective is to increase awareness and interest in the journey of our nation and potential development. In our college there are 122 participants in varieties of competition for student there are, elocution on freedom fighter, rangoli competition on peaceful India and we organized sport activity like surya namaskar and kho-kho for students.









Under the aegis of Azadi ka Amrit Mahotsav, Government Arts & Commerce College organized a school activity in Bilakhadi village as part of the Environment, Cleanliness, Water Conservation and Protection Initiative From January 11-13, 2022 at GACC Kachhal, as part of a joint initiative of GACC KAchhal and the Gram Panchayats of Bilakhadi village. The students of High School Bilakhadi participated enthusiastically.











Government Arts & Commerce College Kachhal, Kachhal Village, Dungari Village and Karcheliya Village have jointly organizes One Day Seminar on “Cow Based Natural Farming Practice” and Environment, Cleanliness, Water Conservation and Protection Initiative on February 14, 2022. In pursuance of the notification issued by the ministry of education and ministry of Information and Broadcasting dated 5th march & 24th March, Government of Arts & Commerce College Kachhal is celebrating 75 years of India’s Independence in collaboration with Dungari village, Karcheliya Village and Kachhal Village.








Under the aegis of Covid Awareness Prakalp of Azadi Ka Amrit Mahotsav, a vaccination camp was held in the premises of GACC KAchhal for students aged 15-18 on January 08, 2022, as joint initiative between NSS dept of the college and PHC Karcheliya. 143 students were vaccinated, encouraged by Smt. Kalpanaben Chaudhary, Sarpanch of KAchhal, Shri Narenbhai Chaudhary, former Sarpanch of Kachhal, and Dr. Hetal S, Tandel, Principal of GACC Kachhal. The programme was assisted by Ms. Alka Mistry, Librarian of GACC Kachhal, and PHC officials Shri Hiren B. Mehta, Shri Rakesh D. Patel, Chetna Patel and Neha Patel. NSS Dept is heralded by Shri Urvik Patel and Dr. PAdma Tadvi.










A Women's Safety Training Programme was conducted on February 6-7, 2022 for girl students of Govt. Arts & Commerce College, Kachhal at the college, under the aegis of Azadi Ka Amrit Mahotsav. A total of 41 students had actively participated in the same. Shri Rahul from Mahuva Police Station taught the students maneuvers for self-defense, such as hand-locking, spot lock, hand techniques, throw, simple techniques, etc. Information was also given on which phone numbers to call in case of emergencies, and how to defend oneself with small, common items such as hairpins.





Under the aegis of Azadi ka Amrit Mahotsav, Government Arts & Commerce College organized a school activity in Kadiya village as part of the **“આઝાદી પ્રાપ્તિમાં સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન તેમજ જીવન પરિચય બાબત”** Initiative From March 5, 2022 at GACC Kachhal, as part of a joint initiative of GACC Kachhal and the Gram Panchayats of Kadiya village. The students of Primary School Kadiya participated enthusiastically.










**આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ભરૂચ જિલ્લા ખાતે ફિટ ઇન્ડિયા ફ્રીડમ રન ૨.૦ નુ આયોજન થયું**

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સંચાલિત સિનિયર કોચ કચેરી અને જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી દ્વારા ભરૂચ જિલ્લા ખાતે ફિટ ઇન્ડિયા ફ્રિડમ રન ૨.૦ ભાઈઓની દોડનુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઘણી મોટી સંખ્યામા ભાઇઓએ ૨ કી.મી દોડ મા ભાગ લીધો હતો. આ દોડ શરૂ થતા પહેલા તમામે રાષ્ટ્રગીત ગાઈ એક અનેરો જુસ્સો વધાર્યો હતો, ત્યાર બાદ ભરૂચ જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર શ્રી જે. ડી પટેલ દ્વારા ફ્લેગ ઓફ આપવામાં આવ્યું હતું. ફિટ ઇન્ડિયા ફ્રીડમ રન ૨.૦ કલેક્ટર કચેરી ભરૂચ થી મતરીયા તળાવ અને ત્યાંથી પાછા કલેક્ટર કચેરી એ પૂર્ણ થઈ હતી. આ ફ્રીડમ રન મા તપોવન કોલેજના ટ્રસ્ટી શ્રી જાગૃતિ બેન પંડ્યા અને ડી. ઈ. ઓ કચેરી થી શ્રી ડો સંગીતાબેન મિસ્ત્રી, ડો. દિવ્યેશભાઈ પરમાર હાજર રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ ફ્રીડમ રન મા સદ્ વિદ્યામંડળ ના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ, પ્રાર્થના વિદ્યાલય, એમેટી વિદ્યાલય, સ્વામિનારાયણ ગુડવીલ, શ્રાવણ વિદ્યાલય, નારાયણ વિદ્યાવિહાર ના વિદ્યાર્થીઓ NSS unit વી. કે. ઝવેરી સાધના વિદ્યાલય અને NSS Unit નવજીવન વિદ્યાલય અને અનેક બીજા લોકો જોડાયા હતા. ભરૂચની જનતાએ દેશ ફિટ રહે અને મજબૂત બનવવા માટેનો એક સંદેશ આપ્યો હતો...






# સી.ડી.જે.રોફેલ આર્ટસ એન્ડ આઇ.એસ.આર.એ.કોમર્સ કોલેજ વાપી

તા. ૨૨-૧૨-૨૦૨૧ના રોજ એન.એસ.એસ અને આઝાદીકા અમૃત મહોત્સવ પાંચ પ્રકલ્પ અંર્તગત રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વાપીમાં પ્લાસ્ટિક મુકત ભારત અને સ્વચ્છતા અભિયાન માટે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું જેમાં કુલ ૨૧૭ વિધાર્થીઓ જોડાયા. પ્રિ. ડૉ. એચ.એ.દેસાઇ એ લીલી ઝંડી આપી રેલી ને પ્રસ્થાન કરાવ્યું.





Nss unit of sir. K.p.college of commerce Organized a seminar on How to use and benefits of organic products





# એચ આર શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નવસારી

પંચ પ્રકલ્પ યોજનાના કાર્યક્રમના ભાગરૂપે આજરોજ અમારી કોલેજ એચ આર શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નવસારી ખાતે કેરિયર ગાઇડન્સ અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા વિશે નો સેમિનાર યોજાયો. જેમાં કોલેજના આચાર્ય ડોકટર એને મલેક જીગ્નેશ પરમાર &સંજય દાસ P.ONSS તથા સ્ટાફ મિત્રોએ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાં મુખ્ય વકતા તરીકે બ્રહ્મભટ્ટ સાહેબNSS P.O  હતા.







# સમાજ સેવા મહાવિદ્યાલય ગાંધી વિદ્યાપીઠ વેડછી

સમાજ સેવા મહાવિદ્યાલય ગાંધી વિદ્યાપીઠ વેડછીમાં પ્રથમ અને બીજા ડોઝનું વેકસીનેશન કરવામાં આવ્યું









# એસ.જી.પટેલ આર્ટસ એન્ડ પી.કે.દેસાઈ કોમર્સ કોલેજ, નિઝર

નિઝર કોલેજ પ્રથમ અને બીજા ડોઝનું વેક્સીનેશન કરવામાં આવ્યું






આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા દ્વારા ૧૮ વર્ષ સુધીની ઉમર ના વિદ્યાર્થીઓ માટે વેક્સિનેશન કાર્યક્રમ તા.૦૩ અને ૦૪ જાન્યુઆરી ૨૦૨૨



## સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદા ખાતે રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું

દિવ્ય ભાસ્કર નવસારી 08-01-202

**રક્ષા કવચ | વાંસદા કોલેજમાં 15-18 વર્ષના યુવાનોને રસી અપાઈ**



આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વાંસદા કોલેજમાં કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અભિયાન અંતર્ગત કોલેજમાં 15થી 18 વર્ષ સુધીના તમામ વિદ્યાર્થીઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.વાય.જે.મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સામુદાયિક સેવા ધારા તથા રાષ્ટ્રીય સેવા યોજના પ્રોગ્રામ ઓફિસર ડો.અનિલ એસ ચૌધરી, ડો.કલ્પનાબેન ડી.પટેલ, પ્રા.દીનબંધુ પ્રજાપતિ, રાકેશ ભાઈ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજનો સમગ્ર સ્ટાફ સહભાગી બન્યો હતો. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મહુવાસ દ્વારા વેક્સિનેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.





# સરકારી વિનયન અને વાણિજય કોલેજમાં ૧૫થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓ માટે રસીકરણ કાર્યક્રમ યોજાયો

**વાંસદા**

વાંસદામાં આવેલ સરકારી વિનયન અને વાણિજય કોલેજમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અત્રેની કોલેજમાં કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અભિયાન અંતર્ગત કોલેજમાં ૧૫ થી ૧૮ વર્ષ સુધીના તમામ વિદ્યાર્થીઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.વાય.જે.મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સામુદાયિક સેવા ધારા તથા રાષ્ટ્રીય સેવા યોજના પ્રોગ્રામ ઓફિસર ડો.અનિલ એસ ચૌધરી, ડો.કલ્પનાબેન ડી.પટેલ, પ્રા.દીનબદ્દુ પ્રજાપતિ, રાકેશભાઈ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

જેમાં કોલેજનો સમગ્ર સ્ટાફ સહભાગી બન્યા હતા. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મહુવાસ દ્વારા આ વેકસીનેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



# રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ વાપી

તા.૫-૧-૨૦૨૨ ના રોજ રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ વાપી, માં આઝાદીકા અમૃતમહોત્સવ અંતર્ગત અને એન.એસ એસના ઉપક્રમે ૧૫ થી ૧૭ વયના વિદ્યાર્થીઓ માટે રસીકરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્બન હેલ્થ સેન્ટર, વાપી ટાઉનના ત્રણ પરિચારિકા બહેનો દ્વારા કુલ ૧૮૦ વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન એન.સી.સી. અને એન.એસ.એસ. ના સ્વયંસેવકોએ મદદરૂપ થઈ સમગ્ર રસીકરણના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કોલેજના આચાર્યા ડૉ. હેમાલીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસરો અને શારીરિક શિક્ષણના પ્રા. ડૉ. જગદીશ પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન સંભાળ્યું હતું.






## સરકારી વિનયન અને વાણિજય કોલેજ કાછલ ખાતે રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું

દિવ્ય ભાસ્કર બારડોલી-વ્યારા ભાસ્કર 09-01-202

# કાછલમાં વિદ્યાર્થીઓનો મેગા વેક્સિનેશન કેમ્પ



ભાસ્કરન્યૂઝ|મહુવા

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ કાછલ ખાતે 15 થી 18 વર્ષના વયજુથના વિદ્યાર્થીઓનો મેગા વેકસીનેશન કેમ્પ ગામના સરપંચ કલ્પનાબેન ચૌધરી ના હસ્તે ખૂલ્લો મુકવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ કોરોનાની ત્રીજી લહેર સામે રસીકરણ દ્વારા નાગરિકોને સુરક્ષા પુરી પાડવાના રાજ્ય સરકારના નિર્દેશાનુસાર 15 થી 18 વર્ષના વયજુથના વિદ્યાર્થીઓ માટે ગ્રામ પંચાયત કાછલ, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ અને પીએચસી કરચેલીયાના સંયુક્ત ઉપક્રમે કાછલ કોલેજ ખાતે મેગા વેક્નીશેન નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમને ગામના મહિલા સરપંચ કલ્પનાબેન નરેન્દ્રભાઈ ચૌધરી દ્વારા ખુલ્લો મુક્વામાં આવ્યો હતો.આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો.હેતલબેન ટંડેલ દ્વારા વિદ્યાર્થીઓને વેકસીનેશન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને કુલ 116 વિદ્યાર્થીઓએ રસીકરણ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. રસીકરણ માટે સમગ્ર વ્યવસ્થા એન.એ સ.એસ વિભાગના કો-ઓર્ડીનેટર પ્રા. ડો પદમાબેન આર તડવી દ્વારા કરવામાં આવ્યું હતું.જ્યારે પ્રા.ઉર્વીક પટેલ દ્વારા વિધાર્થીઓના વેકસી `શનના સર્ટિફિકેટ વિતરણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# કાછલ સરકારી વિનયન કોલેજમાં વિદ્યાર્થીઓ મેગા વેક્સિનેશન કેમ્પ

| બારડોલી |

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ કાછલ ખાતે ૧૫ થી ૧૮ વર્ષના વયજુથના વિદ્યાર્થીઓનો મેગા વેક્સીનેશન કેમ્પ ગામના સરપંચ કલ્પનાબેન ચૌધરીના હસ્તે ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો.

કોરોનાની ત્રીજી લહેર સામે રસીકરણ દ્વારા નાગરિકોને સુરક્ષા પુરી પાડવાના રાજ્ય સરકારના નિર્દેશાનુસાન ૧૫ થી ૧૮ વર્ષના વયજુથના વિદ્યાર્થીઓ માટે ગ્રામ પંચાયત કાછલ, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ અને પીએચસી કરચેલીયાના સંયુક્ત ઉપકમે કાછલ કોલેજ ખાતે મેગા વેક્શીનેશનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને ગામના મહિલા સરપંચ કલ્પનાબેન નરેન્દ્રભાઈ ચૌધરી દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ વેળા આચાર્ય ડો.હેતલબેન ટંડેલ દ્વારા વિદ્યાર્થીઓને વેક્શીનેશન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને કુલ ૧૧૬ વિદ્યાર્થીઓએ રસીકરણ માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ હતું. રસીકરણ માટે સમગ્ર વ્યવસ્થા એન.એસ.એસ. વિભાગના કો-ઓર્ડીનેટર પ્રા.ડૉ.પદમાબેન આર તડવી દ્વારા કરવામાં આવ્યુ હતું. જ્યારે પ્રા.ઉર્વીક પટેલ દ્વારા વિદ્યાર્થીઓના વેક્સીનેશનના સર્ટિફિકેટ વિતરણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વાંકલ

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે ૧૮ વર્ષ થી નીચેના વિધાર્થીઓ માટે રસીકરણ કાર્યક્રમ.








# મહુવા તાલુકાની સરકારી વિનયન વાણિજ્ય કોલેજમાં અમૃત મહોત્સવ

| બારડોલી |

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ કાછલ ખાતે અમૃત મહોત્સવ અંતર્ગત એન.એન.એસ. વિભાગ દ્વારા યોગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં જિલ્લા આયુર્વેદિક હોસ્પિટલ બારડોલીમાંથી ડો. પ્રીતિબેન અને ભગવાનપુરાથી યોગ શિક્ષક સુનિલભાઈ આવ્યા હતા. જેમણે વિવિધ આસનો અર્ધચક્રાસન, તાડાસન, ભુજંગાસન, પદ્માસન અને અનુલોમ-વિલોમ, ભ્રમરી, કપાલભાતી, ભસ્ત્રીકા વગેરે વિવિધ પ્રાણાયામો કરાવી વિદ્યાર્થીઓને કોરોનાકાળની આવી પરિસ્થિતિમાં આપણા શરીરની ઈમ્યુનિટી વધારવાના વિવિધ ઉપાયો બતાવ્યા અને સાથે તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે આ કાર્યક્રમ ઉત્સાહભેર પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત એન.એન.એસ. વિભાગ દ્વારા શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીનીઓને સૂર્યનસ્કાર અને યોગ તાલીમ આપવામાં આવી.








# એચ.આર.શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

આઝાદી કા અમૃત મહોત્સવ પાંચ પ્રકલ્પ યોજના અંતર્ગત એન.એન.એસ. વિભાગ દ્વારા એચ.આર.શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીનીઓને આજ રોજ ઐતિહાસિક સ્થળ દાંડી મુકામે મુલાકાત કરાવી સ્વતંત્ર સેનાનીઓ નાં યોગદાન અને તેમના જીવન પરિચય વિશે માહિતી આપવામાં આવી રહી છે. જેમાં ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અને છ પ્રોફેસર લોકોએ ભાગ લીધો છે.






ખેત તલાવડી,પર્યાવરણ, જળ સંરક્ષણ,અને ઝીરો બજેટ પ્રાકૃતિક ખેતી પર જે તે સ્થળ ઉપર જઈ સરસ કાર્યક્રમ કર્યો






# શ્રી એમ.આર.ડી.આર્ટસ એન્ડ શ્રી ઈ. ઈ .એલ.કે. કોમર્સ કોલેજ ચીખલી

તારીખ ૧૩/૦૧/૨૦૨૨ના રોજ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પંચ પ્રકલ્પ માટે નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.જેમાં એનએસએસ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ.એફ.એચ.દેસાઈદ્વારા સરળ અને સમજી શકાય એ રીતે કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ વૃક્ષોનું જતન અને વૃક્ષ રોપણ દ્વારા પર્યાવરણ ને બચાવી સમાજ સેવા માટેનું વકતવ્ય રજૂ કરવામાં હતું. પ્રોગ્રામમાં કોલેજનો શૈક્ષણિક સ્ટાફ અને બિનશૈક્ષણિક સ્ટાફ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.






# આહવા કોલેજ ખાતે ‘કોરોના સંક્રમણ અટકાવવા “રસીકરણ કાર્યક્રમ”નું આયોજન




**ચિરાગ પંચાલ**

**વઘઈ :** સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ આહવા-ડાંગ ખાતે તા.૨૦/૦૧/૨૦૨૨ના રોજ આઝાદીકા અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ- ભારત કે પાંચ પ્રકલ્પ અંતર્ગત ‘કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અંગેની સમિતિ’ દ્વારા “રસીકરણ કાર્યક્રમ”નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કૉલેજના અધ્યાપકો, કાર્યાલયનો સ્ટાફ અને કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં કૉલેજના ૧૫ થી ૧૮ વર્ષની ઉમરના ૧૫૨ જેટલાં વિદ્યાર્થીઓએ રસી લીધી હતી. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ.યુ.કે.ગાંગુર્ડે સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કૉલેજના પ્રાધ્યાપક ડૉ. સચીન મહેતા, પ્રા. ઉમેશ હડસ, અને પ્રા. વિલાસીનીબેન પટેલ દ્વારા કોરોના રસી અંગેની માહિતી આપી અને રસીનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને રસીકરણ માટે યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરું પાડી સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવામાં પોતાનો ફાળો આપ્યો હતો. ડાંગ જિલ્લા આરોગ્ય વિભાગ, આહવા તાલુકા આરોગ્ય વિભાગ અને પિંપરી PHC સેન્ટર તથા RBSK-૬૦૫ (રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ-૬૦૫) પિંપરી ટીમે રસીકરણ અંગેની કામગીરીમાં પુરતો સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સરકારી વિનયન કોલેજ, દેડિયાપાડા

તા ૨૦/૦૧/૨૦૨૨ ના રોજ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલ ની અધ્યક્ષતા માં અત્રેની સરકારી વિનયન કૉલેજ, દેડિયાપાડા અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી નર્મદાનાં સંયુક્ત ઉપક્રમે " કામકાજના સ્થાને મહિલાઓની જાતિય સતામણી ( નિવારન , પ્રતિબંધ અને ફરિયાદા નિવારણા અધિનિયમ, ૨૦૧૩ હેઠળ કાયદાકીય હેતુ માર્ગદર્શન, સેમિનાર નું અયોજન કરવામાં આવ્યો હતો. જેમાં કાર્યક્રમ ની શરુઆત પ્રાથનાં થી કરવામાં આવ્યુ હતું. તાલુકા કાનુંની સેવા સત્તા મંડળના વકીલ ડી.એમ.દરજી અને હરીસીંગભાઇ વસાવા વકીલ, 'નિર્ભયા' ના HC મંગુભાઇ વસાવા, RSETY ના સંચાલક પી.એફ, બારોટ, નારી અદાલત જિલ્લાના કો-ઓર્ડિનેટર ભવિનીબેન વસાવા, 'સખી વના સ્ટોપ સેન્ટર' ના સંચાલક જ્યોતિબેના વાઘમોર, ૧૮૧ મહિલા હેલ્પલાઇન (અભયમ) ના કાઉન્સિલર દામિની બેન અને જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરીના અધિકારી શ્રી હશીનાબેન વગેરેએ જાતિય સતામણી, દહેજ પ્રથા, કુટુંબ વ્યવસ્થામાં થતા અત્યાચાર, સોશિયલ મિડિયા માધ્યમ થી ઘરેલુ હિંસામાં ભોગ બનનાર મહિલા ને મદદરુપ બનવું, મહિલાઓને રોજગારી મેળવવા જાય ત્યાં જાતિય સતામણી અંગે જાગૃતતા અંગે વાત કરી. અંતે કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલ નારી શકિત, મહિલા ઓના અધિકારો વિશે ચર્ચા કરી હતી. જેમાં ૧૦૦જેટલી વિદ્યાર્થીનીઓ એ ભાગ લીધો હતો અને કૉલેજ ના તમામ સ્ટાફ હાજર રહ્યા હતા. જે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વખતસિંહ ગોહિલ સાહેબે કર્યુ હતુ. આમ જાતિય સતામણી (કુરિવાજ)નો કાર્યક્રમ સફળ રહ્યો હતો.






દિવ્ય ભાસ્કર ભરૂચ-અંકલેશ્વર 22-01-2022

## આઝાદી કા અમૃત મહોત્સવ પાંચ પ્રકલ્પ અંતર્ગત ડેડિયાપાડા કોલેજમાં કાર્યક્રમ યોજાયો



ડેડિયાપાડા | ડેડિયાપાડા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલ ની અધ્યક્ષતા માં અત્રેની સરકારી વિનયન કોલેજ, દેડિયાપાડા અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી નર્મદાનાં સંયુક્ત ઉપક્રમેં " કામકાજના સ્થાને મહિલાઓની જાતિય સતામણી ( નિવારન , પ્રતિબંધ અને ફરિયાદા નિવારણા અધિનિયમ, ૨૦૧૩ હેઠળ કાયદાકીય હેતુ માર્ગદર્શન, સેમિનાર નું અયોજન કરવામાં આવ્યો હતો. જેમાં કાર્યક્રમ ની શરુઆત પ્રાથનાં થી કરવામાં આવ્યુ હતું.

દિવ્ય ભાસ્કર ભરૂચ-અંકલેશ્વર 22-01-2022

### બાળ અધિકારીની કચેરી નર્મદાનાં ઉપક્રમે આયોજન

## મહિલાઓની જાતિય સતામણીની સમજણ અંગે માર્ગદર્શન સેમિનાર

ભાસ્કર ન્યૂઝ | ચીકદા

આઝાદી કા અમૃત મહોત્સવ પાંચ પ્રકલ્પ અંતર્ગત 20મીએ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલ ની અધ્યક્ષતામાં સરકારી વિનયન કૉલેજ, ડેડિયાપાડા અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી નર્મદાનાં સંયુક્ત ઉપક્રમેં કામકાજના સ્થાને મહિલાઓની જાતિય સતામણી નિવારણ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ અધિનિયમ, 2013 હેઠળ કાયદાકીય હેતુ માર્ગદર્શન, સેમિનાર નું અયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા કાનુંની સેવા સત્તા મંડળના વકીલ ડી.એમ.દરજી અને હરીસીંગ વસાવા વકીલ, નિર્ભયા ના HC મંગુ વસાવા, RSETYના સંચાલક પી.એફ, બારોટ, નારી અદાલત જિલ્લાના કો-ઓર્ડિનેટર ભવિની વસાવા, 'સખી વના સ્ટોપ સેન્ટર' ના સંચાલક જ્યોતિબેના વાઘમોર, 181 મહિલા હેલ્પલાઈનના કાઉન્સિલર દામિની બેન અને જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરીના અધિકારી હશીનાબેન વગેરે એ જાતિય સતામણી, દહેજ પ્રથા, કુટુંબ વ્યવસ્થામાં થતા અત્યાચાર સહિત થતા જાતિય સતામણી અંગે જાગૃતતા અંગે વાત કરી હતી.

# સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ

તા. ૨૨/૦૧/૨૦૨૨ ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ ખાતે વેક્સીનેશન અવેરનેસ કાર્યક્રમ તેમજ રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતું કે જેમાં ૧૫ થી ૧૮ વર્ષ વયજૂથ ના વિદ્યાર્થીઓને કોરોનાની રસી મૂકવામાં આવી હતી. સહયોગઃ ડો. વૈશાલી રાઠોડ એન્ડ ટીમ, અંકલાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર.









તા. ૨૪/૦૧/૨૦૨૨ ના રોજ શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ ખાતે વેક્સીનેશન અવેરનેસ કાર્યક્રમ તેમજ રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતું કે જેમાં ૧૫ થી ૧૮ વર્ષ વયજૂથ ના વિદ્યાર્થીઓને કોરોનાની રસી મૂકવામાં આવી હતી.









આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે પંચ પ્રકલ્પ અંતર્ગત પર્યાવરણ જાગૃતિ અને સુરક્ષા માટે વૃક્ષ સુશોભન નો કાર્યક્રમ આજરોજ નર્મદા કોલેજ ભરૂચ ખાતે યોજાયો જેમાં એન.એસ.એસ.ના એકસો પાંચ સ્વયંસેવકોએ જાને ગેરુ ચૂનો લગાવી પ્રોટેકશન પૂરું પાડ્યું અને સુશોભિત કર્યા





સુરત મહાનગર પાલિકા અને NSS વિભાગના ઉપક્રમે તા.૦૫/૦૧/૨૦૨૨ ના રોજ કોલેજ ખાતે કોવીડ વેકસીનેશનનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં કોલેજના ૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ રસીનો ડોઝ મેળવીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલે વિદ્યાર્થીઓને રસીનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને રસી લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. NSS ના સ્વયંસેવકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક પોતાની સેવા આપી હતી. NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. બી. એસ. શાહ અને ડૉ. બી. એસ. પટેલ પણ વેકસીનેશન કાર્યક્રમમાં સતત હાજર રહ્યા હતા.






## વાંસદા સરકારી કોલેજમાં પ્રાકૃતિક ખેતી, નશાબંધી નિવારણ કાર્યક્રમ યોજાયો



વાંસદા: સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વાંસદા ખાતે આચાર્ય ડો. યોગેશ મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ 'આઝાદી કા અમૃત મહોત્સવ' પર ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી, નશાબંધી, કુરિવાજ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્ય ડો.વાય. જે. મિસ્ત્રીએ પ્રાકૃતિક ખેતી અને વ્યસનમુક્તિ વિશે ઉદબોધન કર્યું હતું. તથા એસો. પ્રોફેસર પી.આર. શાહે ગૌ આધારિત ખેતીની માહિતી પૂરી પાડી હતી. કોલેજના આ.પ્રો. મહેશ ગવળીએ અંગ્રેજોના સમયથી થતી ખેતી અને આધુનિક સમય સુધીની ખેતી વિશે વ્યાખ્યા આપી. તેમજ વ્યસનથી થતું નુકસાન વિશેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આ.પ્રો. ડો. સ્નેહલ ગાવીતે કર્યું હતું. આભારવિધિ આ.પ્રો. ચારુલતાબેને કરી હતી.

## વાંસદા કોલેજમાં પ્રાકૃતિક ખેતી, નશાબંધી અને કુરિવાજ નિવારણ કાર્યક્રમ સંપન્ન

વાંસદા | વાંસદા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં આચાર્ય ડો. યોગેશભાઈ મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ 'આઝાદી કા અમૃત મહોત્સવ' પર 'યુવા સંકલ્પ -શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ' દ્વારા ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અને નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્ય ડો. વાય.જે. મિસ્ત્રીએ પ્રાકૃતિક ખેતી તેમજ વ્યસનમુક્તિ વિશે ઉદબોધન કર્યું હતું. એસો. પ્રોફેસર પી.આર. શાહે ગૌ આધારિત ખેતી માટે મહાત્મા ગાંધીજી, બકરી, કપાસિયા તેલ, પૈસા વગેરે ઉદાહરણ દ્વારા માહિતી



પૂરી પાડી તથા વ્યસન, પાન, માવા, સિગારેટ વગેરે દ્વારા થતું નુકસાનની સમજ આપી હતી. આ કાર્યક્રમના મુખ્ય વક્તા આ.પ્રો. મહેશભાઈ ગવળીએ અંગ્રેજોના સમયથી થતી ખેતી અને આધુનિક સમય સુધીની ખેતી વિશે વ્યાખ્યા આપી હતી તેમજ વ્યસનથી થતું નુકસાન વિશેની માહિતી આપી. આ કાર્યક્રમમાં 125 વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આ.પ્રો. ડો. સ્નેહલબેન ગાંવિતે કર્યું હતું. આભારવિધિ આ. પ્રો. ચારુલતાબેને કરી હતી.

## વાંસદા સરકારી કોલેજમાં સાઈબર ક્રાઈમ અવરનેસ કાર્યક્રમ યોજાયો

ભાસ્કર ન્યૂઝ | વાંસદા

વાંસદા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં આચાર્ય ડો.વાય.જે.મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સુરક્ષા સેતુ સોસાયટી, ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ, મહિલા સુરક્ષા સમિતિ વાંસદાના સૌજન્યથી કોલેજમાં સાઈબર ક્રાઈમ અવરનેસ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. વાંસદા પીએસઆઈ વી.એન. વાઘેલા, ટ્રાફિક એજ્યુકેશન પ્રમુખ ભરતભાઈ ગાંધી, ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટના



ટ્રસ્ટી ગોપાળભાઈ ગોહિલ, વાંસદા તાલુકા મહિલા સુરક્ષા સમિતિનાં પ્રમુખ બીનાબેન પુરોહિત, વુમન હેડ કોન્સ્ટેબલ જિજ્ઞાશાબેન ચૌધરી, કોન્સ્ટેબલ લક્ષ્મીબેન દેશમુખ, પ્રવિણાબેન ગાંવિત ઉપસ્થિત રહ્યાં હતા. સાઈબર ક્રાઈમ એક્સપર્ટ ચિરાગભાઈ લાડે વિદ્યાર્થીઓને સાઈબર ક્રાઈમ, સોશિયલ મીડિયા, બેન્ક ફ્રોડ વિશે સચોટ માહિતી આપી હતી. આ સાથે વિદ્યાર્થીઓને સોશિયલ ચેટીંગ મેસેજ ક્રાઈમ વિશે શપથ લેવડાવ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડો. અનિલભાઈ ચૌધરી, ડો. કલ્પનાબેન પટેલ તથા સ્ટાફ મિત્રોના સહયોગથી કરાયું હતું. આભારવિધિ પ્રો.પી.આર.શાહે કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. સુનિતાબેન ગામીતે કર્યું હતું.

# શેઠ સી.ડી.બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

આઝાદી ની ઉજવણીના અમૃત મહોત્સવ અંતર્ગત પંચ પ્રકલ્પ પૈકી "પર્યાવરણ પ્રકલ્પ"અંતર્ગત તા. ૪.૨.૨૦૨૨ ને શુક્રવાર ના રોજ શેઠ સી.ડી.બરફીવાલા કોલેજ ઓફ કોમર્સમાં 'CLIMATE CHANGE અને કોમર્સ ના વિદ્યાર્થીઓનો રોલ' વિષય પર પ્રો. ડૉ. ચિંતન આર પટેલ જેઓ SVNIT કોલેજ માં CIVIL ડીપાર્ટમેન્ટ માં એસોસિએટ પ્રોફેસર તરીકે સેવા આપે છે તેમનું પ્રતિભા સંપન્ન વ્યાખ્યાન યોજાયું. Climate change ની પ્રતિકૂળ અસરોને મર્યાદિત કરવામા વિદ્યાર્થીઓ સંયમિત વાહન ઉપયોગ, વીજળી અને ઈન્ટરનેટ નો ઉપયોગ કરીને અને વધારે જરૂરી આ અંગેના નવા business model ના વિચારોવાળા સ્ટાર્ટ અપ શરૂ કરીને ખૂબ મહત્વનો ફાળો આપી શકે છે. સમગ્ર કાર્યક્રમ નો મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એ લાભ લીધો હતો.








# આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મોટાપોંઢા

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મોટાપોંઢા ના એન.એસ.એસ. વિભાગ દ્વારા આજ રોજ આઝાદી કા અમૃત મહોત્સવ સંદર્ભે પ્લાસ્ટિક મુકત અભિયાન અંતર્ગત હાટમાં કાપડની થેલીઓ નું વિતરણ અને કોરોના સામે રક્ષણ મેળવવા માટે માસ્ક વિતરણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ ઈન.ચા. પ્રિ.ડો. સતીષભાઈ પટેલ ના અધ્યક્ષતામાં રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મોટાપોંઢા ગામનાં સરપંચ શ્રી રણજીતભાઇ પટેલ, ઉપસરપંચ શ્રી વિનયભાઈ પ્રજાપતિ, જનતા કેળવણી મંડળ મોટાપોંઢાના મંત્રી શ્રી સતીષભાઈ પટેલ, શ્રી ધનસુખ ભાઈ અને કોલેજ નો સ્ટાફ પરિવાર મોટી સંખ્યામાં સ્વયં સેવકોએ ભાગ લીધો હતો. સૌ પ્રથમ પ્રોગ્રામ ઓફિસર ડો શીલા પટેલ અને પ્રા નર્મદા બેનના અધ્યક્ષતામાં વિશાળ રેલી કાઢવામાં આવી હતી. ત્યાર બાદ મોટાપોંઢા ગામનાં હાટમાં ૨૦૦ થેલીઓ નું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે પ્લાસ્ટિક ન વાપરવા અનુરોધ કર્યો હતો. આ સાથે કોરોના સામે રક્ષણ મેળવવા માટે માસ્ક ફરજિયાત પહેરવાનો આગ્રહ રાખે અને સાથે સોશ્યલ ડિસ્ટન્સ રાખવામાં આવે એવી સમજણ આપી ૫૦૦ મફત માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં સૌનો સારો સહકાર થકી કાર્યક્રમ સફળ રહ્યો હતો.





# મોટાપોઢા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટીક મુક્તિ અભિયાન હાથ ધરાયું

## રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ માસ્ક વિતરણ સાથે કોવિડ-૧૯ ની ગાઈડ લાઈન અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજયો




(દ.ગં.ટા. પ્રતિનિધિ)

નાનાપોઢા, તા. ૦૬ : આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મોટાપોંઢા ના એન.એસ.એસ. વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ સંદર્ભે પ્લાસ્ટિક મુક્ત અભિયાન અંતર્ગત હાટમાં કાપડની થેલીઓનું વિતરણ અને કોરોના સામે રક્ષણ મેળવવા માટે માસ્ક વિતરણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ ઈન. ચા. પ્રિ.ડો. સતીષભાઈ પટેલ ના અધ્યક્ષતામાં રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મોટાપોંઢા ગામનાં સરપંચ રણજીતભાઈ પટેલ, ઉપસરપંચ વિનયભાઈ પ્રજાપતિ, જનતા કેળવણી મંડળ મોટાપોંઢાના મંત્રી સતીષભાઈ પટેલ, ધનસુખ ભાઈ અને કોલેજ નો સ્ટાફ પરિવાર મોટી સંખ્યામાં સ્વયં સેવકોએ ભાગ લીધો હતો. સૌ પ્રથમ પ્રોગ્રામ ઓફિસર ડો શીલા પટેલ અને પ્રા નર્મદા બેનના અધ્યક્ષતામાં વિશાળ રેલી કાઢવામાં આવી હતી. ત્યાર બાદ મોટાપોંઢા ગામનાં હાટમાં ૨૦૦ થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે પ્લાસ્ટિક ન વાપરવા અનુરોધ કર્યો હતો.

આ સાથે કોરોના સામે રક્ષણ મેળવવા માટે માસ્ક ફરજિયાત પહેરવાનો આગ્રહ રાખે અને સાથે સોશ્યલ ડિસ્ટન્સ રાખવામાં આવે એવી સમજણ આપી ૫૦૦ મફત માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં સૌનો સારો સહકાર થકી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

પંચ પ્રકલ્પ અંતર્ગત એ. વી. પટેલ કોમર્સ કોલેજ ખાતે સ્પોર્ટ્સ ડે ની ઉજવણી



(તસવીર : ચંદ્રકાંત સોલંકી)

# બીલીમોરા એ.વી પટેલ કોમર્સ કોલેજમાં સ્પોર્ટ્સ ડે ઉજવાયો

**આઝાદી કા અમૃત મહોત્સવ, ખેલકૂદ યોગધારા અને પંચ પ્રકલ્પ હેઠળ આયોજન**

**બીલીમોરા :** આઝાદીકા અમૃત મહોત્સવ, 'ખેલકુદ યોગધારા' અને 'પંચ પ્રકલ્પ' હેઠળ એ.વી પટેલ કોમર્સ કોલેજમાં પરંપરાગત દેશી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જે વિદ્યાર્થીઓએ covid-19ના બે ડોઝ લીધા હતા, અને શારિરીક રીતે તંદુરસ્ત હતા એવા વિદ્યાર્થીઓને જ એન્ટ્રી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં લીંબુ ચમચી, બટાકા દોડ, કોથળા કુદ, ઊંધી ઝડપી દોડ, ફુગ્ગા દોડ, રીલે દોડ, વિક્રમ વેતાલ, સંગીત ખુરશી, રસ્સાખેચ જેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા ખેલાડીઓને કોલેજના આચાર્ય વર્ષા રાણાએ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. વિજેતાઓને આચાર્ય તથા અધ્યાપકોના હસ્તે મેડલ પહેરાવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કોલેજના અધ્યાપકોએ ભૂમિકા ભજવી હતી. આ સ્પર્ધાનું આયોજન કોલેજના આચાર્ય અને શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા પ્રા. ડો. સોનલ વસાવાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# શ્રી એમ.આર.ડી.આર્ટસ એન્ડ શ્રી ઈ. ઈ .એલ.કે. કોમર્સ કોલેજ ચીખલી

શ્રી એમ.આર.ડી.આર્ટસ એન્ડ શ્રી ઈ. ઈ .એલ.કે. કોમર્સ કોલેજ ચીખલી ખાતે તારીખ ૧૦/૦૨/૨૦૨૨ના રોજ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પંચ પ્રકલ્પ વિવિધ રમત માટે નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.જેમાં એનએસએસ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ.એફ.એચ.દેસાઈદ્વારા સરળ અને સમજી શકાય એ રીતે કોલેજના રમતપ્રેમીઓને રમત સબંધી વકતવ્ય રજૂ કર્યું હતું.પ્રોગ્રામમાં કોલેજનો શૈક્ષણિક સ્ટાફ અને બિનશૈક્ષણિક સ્ટાફ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.






સાંપ્રત સમયમાં સજીવ ખેતી અનિવાર્ય બની છે તેવા સમયે નૂતન ગ્રામ વિધાપીઠ ના સ્વયં સેવકો દ્વારા આજ રોજ વર્મી કંપોસ્ટ બેડ બનાવીને અળસીયા મુકવામાં આવ્યા.






નર્મદા જિલ્લાના મંડાલા ગામે સ્વયં સેવકો દ્વારા સજીવખતી વિશે ખેડૂતોને જાગૃત કરવા રેલી યોજવામાં આવી.ડો.અજય પટેલે(po) ખેડૂતોને ઝીરો બજેટ ખેતી વિગતે સમજણ આપી





# સરકારી વિજ્ઞાન કોલેજ આહવા

તારીખ -૧૧-૦૨-૨૦૨૨ ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ આહવા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ તેમજ પંચ પ્રકલ્પ અંતર્ગત કોટબા ગામ મુકામે " પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ અને જળ સંચય, કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ, ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી, નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ અને ફીટ ઇન્ડીયા" જેવા વિવિધ પ્રકલ્પો અંતર્ગત નાટક, લોકસંપર્ક,તેમજ વિવિધ પ્રવૃતીઓ કરી તે અંગે જાગૃતિ, માર્ગદર્શન અને ઔષધીય છોડનું વૃક્ષારોપણ અને લોકોને વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં ચર્ચા સભા અને ઘરે ઘરે જઈને ગ્રામજનોને પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ અને જળ સંચય વિશે જાગૃત કરવામાં આવ્યા અને ઔષધીય છોડનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ, નોડલ ઓફિસર પ્રો. પ્રજ્ઞેશ જે ચૌધરી, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. જે.જે.ચૌહાણ કોલેજનો સ્ટાફ હાજર રહેલ.





# વાંસદા ખાતે પર્યાવરણ, સ્વચ્છતા અને વૃક્ષોના સંરક્ષણ માટે કાર્યક્રમ યોજાયો



**વાંસદા.** આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદા ખાતે સામુદાયિક સેવા ધારા અંતર્ગત પર્યાવરણ, સ્વચ્છતા અને વૃક્ષોના સંરક્ષણ માટે કાર્યક્રમ યોજાયો જેમાં સ્વયંમ સેવકો દ્વારા કેમ્પસ સફાઇ, પ્લાસ્ટિક ફ્રી કેમ્પસ તથા વૃક્ષોનું સંરક્ષણ થાય તેનાં માટે વૃક્ષોને ગેરૂ, ચુના દ્વારા રંગાવવા આવ્યા, કોલેજના આચાર્ય ડો.વાય.જે.મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સામુદાયિક સેવા ધારા અંતર્ગત કાર્યક્રમ યોજાયો જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો.

# કાછલની કોલેજમાં પર્યાવરણ જળસંચય અને પ્રાકૃતિક ખેતી પર સેમિનાર યોજાયો



। બારડોલી ।

મહુવા તાલુકાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ કાછલ તથા ગ્રામ પંચાયત કાછલ, ડુંગરી અને કરચેલીયાના સંયુક્ત ઉપક્રમે આઝાદીનો અમૃત મહોત્સવ અંતર્ગત કાછલ કોલેજ ખાતે સેમિનારનું આયોજન તા. ૧૪-૦૨-૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અંગે ગણદેવા ગામના પ્રાકૃતિક કૃષજ્ઞ સંજયભાઈ નાયકે વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ પર્યાવરણ, સ્વચ્છતા, જળસંચય અને જળસંરક્ષણ પ્રકલ્પ અન્વયે આયુર્વેદ અને વન ઔષધીઓ વિશેની સમજ મેડિકલ ઓફિસર ડો. શૈલેશ ડુંગરાણી, ડો. દિલીપ ઈટાલીયા અને ડો. અર્ચના લાખાણી દ્વારા પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમમાં કાછલ ગામના સરપંચ કલ્પનાબેન ચૌધરી, ડુંગરી ગામના સરપંચ મનિષાબેન ચૌધરી તેમજ કરચેલીયા ગામના સરપંચ કેયૂરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્ય ડો. હેતલ એસ. ટંડેલ આઝાદી અમૃત મહોત્સવની ઉજવણી અંગેની માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં ૪૦ ગ્રામજનો અને ૧૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પંચપ્રકલ્પની પ્રવૃત્તિ કરતા બીલીમોરાની એ . વી . પટેલ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ બેટી બચાવો અભિયાન તથા મહિલા જનજાગૃતિ પર વ્યાખ્યાન તથા બાળકોને પ્રેરક પ્રસંગો ની વાર્તાઓ કહી






# B P Baria Science Institute Navsari

As per the notification of Govt. of Gujarat , a program was organised at B P Baria Science Institute Navsari under the banner of "Akhand Bharat ke Panch Prakalp"and NSS where the students of all the classes participated in different competition like Patriotic song singing, Poster making and Elocution competition. I was a step to bring awareness among the students of their own skills of which they themselves sometimes remain unaware. This type of programs initiated by the Government of Gujarat provides a platform to the youth to find their own talent and thereby work upon it besides having a degree. 1st , 2nd and 3rd prize were given to the students for their performance and and our program officer Dr. Jitu Tandel and Dr. Rajesh B Patel helped to carry out the function smoothly. Dr Farida P Minocheherhomji, Dr, Alkesh I Shah and Dr. A C Champaneri presided over the function.








શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ ખાતે NSS વિભાગ દ્વારા યુવાનો અને વ્યસન મુકિત વિષય પર નશાબંધી અને આબકારી ખાતું ગુજરાત ના ડાયરેક્ટર IAS ઓફિસર શ્રી સુનીલકુમાર સાહેબની ઉપસ્થિતિ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નશાબંધી કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું









# ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ બારડોલી

કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની કચેરી ગાંધીનગર આયોજિત જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી સુરત અને ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ બારડોલીના એન.એસ.એસ તથા એન.સી.સી ના વિદ્યાર્થીઓના સહયોગથી આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષા યુવક નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિર વર્ષ ૨૦૨૧-૨૦૨૨ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંત ઓફિસર સાહેબ શ્રી ડોકટર વિષ્ણુભાઈ ચૌધરી ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.






# Narmada college of science and commerce zadeshwar Bharuch

Elocution and poster making competition on dowry system and drug ediction on the occasion of aazaadi ka amrut mahotsav under Panch prakalp at Narmada college of science and commerce zadeshwar Bharuch








# BKM science college valsad

ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી પર BKM science college valsad ખાતે તા.૧૦/૨/૨૨ ના રોજ વ્યાખ્યાન આપ્યું



## વલસાડ સાયન્સ કોલેજમાં 'ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી' વિષય પર વ્યાખ્યાન

વલસાડ : વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજ ખાતે 'અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ- શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ અંતર્ગત ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી' વિષય પર ડૉ. બિપીનકુમાર જી. પટેલ (સિનિયર સુપરિન્ટેન્ડન્ટ, હાયર એજ્યુકેશન કમિશનર ઓફિસ, ગાંધીનગર) તેમજ ડૉ. અજય એન. પટેલ (વ્યાખ્યાતા બી.આર.એસ. કોલેજ, થવા, તા. નેત્રંગ, જિ. ભરૂચ)ના વ્યાખ્યાનોનું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓને રસપ્રદ શૈલીમાં ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. વિકાસભાઈ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ટી.જી. ગોહિલ, વિભાગીય વડા અને અધ્યાપકો હાજર રહ્યા હતા. આચાર્ય ડૉ. વિકાસભાઈ દેસાઈએ પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યુ હતું. કાર્યક્રમનું આયોજન ડૉ. ભાવનાબેન મિસ્ત્રી અને સમિતિ સભ્યો તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. બી.જી.પટેલ દ્વારા સંયુક્ત રીતે કરાયું હતું.



# નૂતન ગ્રામ વિદ્યાપીઠ થવા

નૂતન ગ્રામ વિદ્યાપીઠ થવા ખાતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી કચેરીથી શ્રેયાન અધિક્ષકશ્રી ડો. બી. જી. પટેલ સાહેબની ઉપસ્થિતિમાં ગૌ કૃપા અમૃતમ કલચર તૈયાર કર્યું.જેમાં ખેડૂતો,વિદ્યાર્થીઓ અને કર્મચારી ગણ જોડાયા હતા.






દિવ્ય ભાસ્કર નવસારી 05-03-2022

## વાંસદા સરકારી કોલેજના છાત્રોને વેક્સિનનો બીજો ડોઝ અપાયો



**વાંસદા |** વાંસદા સરકારી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રસીકરણ અભિયાન અંતર્ગત વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. મહુવાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંસદાનાં સહયોગથી કાર્યક્રમ યોજાયો હતો. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જેમનાં 18 વર્ષ પૂર્ણ થયા હોય તેવા તમામ વિદ્યાર્થીઓને બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.વાય.જે.મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સામુદાયિક સેવા ધારા અંતર્ગત ડો.અનિલ ચૌધરી અને ડો. કલ્પનાબેન પટેલ દ્વારા કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું.

## સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદાના વિદ્યાર્થીઓને વેક્સિનનો બીજો ડોઝ અપાયો



**વાંસદા.** સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રસીકરણ અભિયાન અંતર્ગત વેક્સિગનો બીજો આપવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. મહુવાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વાંસદાના સહયોગથી કાર્યક્રમ યોજાયો હતો, કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જેમનાં ૧૮ વર્ષ પૂર્ણ થયા હોય તેવા તમામ વિદ્યાર્થીઓને બીજો ડોઝ આપવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.વાય.જે.મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ, સામુદાયિક સેવા ધારા અંતર્ગત ડો.અનિલ એસ.ચૌધરી અને ડો.કલ્પનાબેન ડી.પટેલ દ્વારા કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું.

# ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ બારડોલી

કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની કચેરી ગાંધીનગર આયોજિત જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી સુરત અને ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ બારડોલીના એન.એસ.એસ તથા એન.સી.સી ના વિદ્યાર્થીઓના સહયોગથી આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષા યુવક નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિર વર્ષ ૨૦૨૧-૨૦૨૨ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંત ઓફિસર સાહેબ શ્રી ડોકટર વિષ્ણુભાઈ ચૌધરી ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.








# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વાંકલ

પંચ પ્રકલ્પ અંતર્ગત સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વાંકલ દવારા સણધરા,બોરીયા અને ઝરણી ગામે રેલી, નુક્કડ નાટક ,વ્યાખ્યાન વગરે કાર્યક્રમ કરવામાં આવ્યા.












# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વાંકલ

આઝાદી કા અમૃત મહોત્સવ સરકારી વિનયન કોલેજ, દેડિયાપાડા માં પાંચ પ્રકલ્પ અને એન. એસ. એસ અંતર્ગત આજ તા ૦૭/૦૩/૨૦૨૨ ના રોજ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. અનિલાબેન પટેલ ની અધ્યક્ષતા માં અત્રેની સરકારી વિનયન કૉલેજ, દેડિયાપાડા અને ચાઈલ્ડ રાઇટ્સ એન્ડ યુ સહભાગીતા યુનિસેફ ઇન્ડિયા ના સંયુકત ઉપક્રમે "હકારાત્મક વાલીપણા અને તારુણ્ય મોડ્યુલ અંગે તાલીમકારોને તાલીમ" અંગે માર્ગદર્શન સેમીનાર કાર્યક્રમ કરવામાં આવ્યો. વકતા જૈમિતભાઇ રાણા જિલ્લા પ્રોગ્રામ કન્સલ્ટન્ટ (ડી-કો-કિશોર સશકિતરણ એન્ડ બાળ લગ્ન અંત) યુનિસેફ - કાય ભારત, નર્મદા, અને દેડિયાપાડા ના CPI પીઆઇ દેવયાની એ બારડ, CDPO નિલમબેન ગામીત, પૂર્ણા કન્સલ્ટન્ટના વનિતાબેન વસાવા , ATVના પ્રમુખ રમાકાંત , D C CRY યુનિસેફ ના જૈમિતભાઇ રાણા એ કિશોર સશકિતરણ, બાળ અધિકારો, બાળ લગ્ન, સકારાત્મક વાલીપણા, તારુણ પેકેજ વિશે સમજણ, કિશોર - કિશોરીઓને લગતી યોજના અંગેનું માર્ગદર્શન આપ્યું. જેમાં કોલેજના ૭૦ જેટલા વિદ્યાર્થીનીઓ એ ભાગ લીધો હતો. એન. એસ. એસ અને પાંચ પ્રકલ્પ ના કોડિનેટર રમેશભાઇ વસાવા અને સમગ્ર કોલેજનાં સ્ટાફ હાજર રહીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.






# સમાજસેવા ગાંધી વિદ્યાપીઠ વેડછી અને વનસેવા મહાવિદ્યાલય બીલપુડી

સમાજસેવા ગાંધી વિદ્યાપીઠ વેડછી અને વનસેવા મહાવિદ્યાલય બીલપુડીના સંયુકતપણે ૭૩માં ગાંધી મેળા દાંડી ખાતે પ્રાકૃતિક ખેતીના પ્રચાર પ્રસાર માટે ગો કૃપા અમૃતમ બેકટરીઆ કલચરનો સ્ટોલ મુકવામાં આવ્યો. તારીખ ૧૨ થી ૧૫ માર્ચ(૨૦૨૨)ના રોજ ગાંધી વિચાર-પ્રચાર ટ્રસ્ટ દ્વારા ભવ્ય ૭૩માં ગાંધી મેળાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં સમાજસેવા વેડછી અને વનસેવા બીલપુડી BRS કોલેજના સંયુકત ઉપક્રમે લોકોમાં ગો આધારિત પ્રાકૃતિક ખેતી અંગે વધુ જાગૃતતા તથા સજીવ ખેતી તરફ ફરી પાછો નવો કઈ વળાંક આવે તે હેતુ થી ગો કૃપા અમૃતમ બેકટેરિયા કલચરનો સ્ટોલ મુકવામાં આવ્યો.NSS ના સ્વયંસેવોકો દ્વારા તેમનું ખુબ સારુ સંચાલન અને પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો. ગાંધી પ્રેમી, ખેડૂતો, વિદ્યાર્થીઓ અને અન્ય મુલાકાતીઓએ આ સ્ટોલની મુલાકાત લીધી હતી અને ખેડૂતો દ્વારા ઘણી પ્રશ્નોતરી અને વાર્તાલાપ કરવામાં આવ્યો.ખેડૂતોને વિનામુલ્યે આ ગો કૃપા અમૃતમ આપવામાં આવ્યું હતું.જય ગો માતા









## "સામાજિક સેવા, પર્યાવરણ જાળવણી અને જનજાગૃતિ શિબિર"

આજ રોજ તા.૨૨-૦૩-૨૦૨૨ ના રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવાના NSS વિભાગ દ્વારા પાંડવા મુકામે સાત દિવસીય ખાસ શિબિરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જેની થીમ "સામાજિક સેવા, પર્યાવરણ જાળવણી અને જનજાગૃતિ શિબિર" છે.પ્રસ્તુત પ્રોગ્રામ તા.૨૧-૦૩-૨૦૨૨ થી તા.૨૭-૦૩-૨૦૨૨ સુધી પાંડવા ગામમાં જ શિબિરાર્થીઓ દ્વારા નિવાસ કરી વિવિધ પ્રકારની જનજાગૃતિની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. NSS ખાસ શિબિરનો મુખ્ય હેતુ હોત છે, સમાજમાં સ્વચ્છતા, શ્રમ, સામાજિક સેવાકાર્ય, પર્યાવરણ જાળવણી, પાણી નો સંચય અને સંરક્ષણ કરવું, અંધશ્રદ્ધાનું નિવારણ કરવું, વ્યસન મુકિત અંગે શેરી નાટકો ભજવી વ્યાસન મુકિત માટે સંદેશો પહોંચાડવો, મતદાન અંગે જનજાગૃતિ લાવવી,સમાજના ઉત્થાન માટે લોકોને પ્રોત્સાહિત કરવા,દેશના વિકાસ માટે લોકોને જાગૃત કરવા વગેરે જેવી પ્રવૃત્તિઓ દ્વારા સમાજને સંદેશો આપવો અને સમાજના ઉત્કર્ષ માટે પ્રયત્નો કરવાના હોય છે.







પ્રથમ દિવસે ૧૦૦ જેટલા શિબિરાર્થીઓ સદર કોલેજોમાંથી શિબિરનું સ્થળ પાંડવા ગામે સંપૂર્ણ તૈયારી સાથે આવ્યા હતા. ત્યારબાદ રેહવા માટેની વ્યવસ્થા પાંડવા ગામના પ્રાથમિક શાળાના આચાર્યશ્રી મોતીરામ્ભાઈ ગાવિત દ્વારા શાળામાં સંપૂર્ણ સાથ સહકારથી કરી હતી. બીજા દિવસે તા.૨૨-૦૩-૨૦૨૨ ના રોજ સાથ દિવસીય શિબિરનો ઉદઘાટન સમારંભ યોજવામાં આવ્યો, જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે આહવા તાલુકાના મામલતદારશ્રી ઉમેશભાઈ વી. પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા અને શિબિરાર્થીઓ તેમજ ગ્રામજનોને સામાજિક સેવાકાર્ય તેમજ પર્યાવરણ જાળવણી અને વ્યાસન મુકિત અંગે પ્રોત્સાહિત કાર્ય હતા. આ સાથે કોલેજના આચાર્યશ્રી દ્વારા પણ સાત દિવસીય શિબિર માટે સતત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું અને ઉદઘાટન સમારોહમાં શિબિરાર્થીઓ તેમજ ગ્રામજનોને સામાજિક સેવા કાર્ય કરવા માટે ઉત્તેજનદાયક સંદેશો આપ્યો હતો.તેજ પ્રમાણે પ્રાથમિક શાળાના આચાર્યશ્રીએ પણ પ્રાસંગિક ઉદબોધન લારી પ્રેરણા પુરી પાડી હતી. આ સમારોહમાં ગામના સરપંચશ્રી સુમિચિબેન આહીર તેમજ ગામના સામાજિક કાર્યકરો અને વડીલ્શ્રીઓ હાજર રહ્યા હતા અને આ શિબિર ને સફળ બનાવવા માટે સાથ સહકાર સાથે સરપંચશ્રી દ્વારા શિબિરાર્થીઓ માટે ૫૦૦૦ રૂપિયાની મદદ કરી હતી, તેમજ સસ્તા અનાજની દુકાનના સંચાલકશ્રી શિવનભાઈ ગાઉન્ડા દ્વારા શીબીરર્થીઓના ભોજન માટે ૫૦ કિલો ચોખા અને ખાંડ, મીઠું તથા દાળની મદદ કરી હતી.પ્રસ્તુત પ્રોગ્રામનું સમગ્ર સુચારું સંચાલન કોલેજના પ્રાધ્યાપક ડૉ. હરેશભાઈ વરૂ દ્વારા કરવામાં આવ્યું હતું. આ રીતે NSS વિભાગની સાત દિવસીય શિબિરની સફળતાપૂર્વક શરૂઆત થઇ.






આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. યુ. કે. ગાંગુર્ડે સાહેબના માર્ગદર્શન હેઠળ NSS ના પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિનોદભાઈ ગળવી તેમજ ડૉ. જયેશભાઈ ગાવિત દ્વારા કરવામાં આવ્યું હતું

શાહ એન એચ કોમર્સ કોલેજ વલસાડ ના એન એસ એસ યુનિટ દ્વારા તારીખઃ ૨૯ અને ૩૦ / ૦૩/૨૦૨૨ નાં રોજ અતુલ ઇન્ડસ્ટ્રીઝ નાં વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ ની મુલાકાત લેવામાં આવી.આ પ્લાન્ટ માં ૩ પ્રકારના જે કચરો ભેગો કરવામાં આવે છે અને તેમાંથી રિસાયકલિંગ કરી જુદાં જુદાં પ્રકારના ખાતર તયાર કરવામાં આવે છે તેની જાણકારી મેળવવામાં આવી.



